જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૨૮-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૨ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

રાજ્યમાં ગરમીનો પ્રકોપ: ૧૭ વર્ષનો રેકોર્ડ તૂટ્યો, મોડાસામાં સૌથી વધુ ૪૮°

આગ ઝરતી ગરમીથી લોકો બેહાલ,પાંચ શહેરોમાં ઓરેન્જ એલર્ટ જાહેર

ગાંધીનગર

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં કાળઝાળ ગરમીનો કેર યથાવત છે. શનિવારે રાજ્યમાં ગરમીનો ૧૭ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો. ગુજરાતના મોડાસામાં સૌથી વધુ ૪૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. વાવમાં પણ ગરમીનો પારો ૪૭ ડિગ્રીને આંબી ગયો છે. જ્યારે અમદાવાદ-૪૫ અને સુરેન્દ્રનગરમાં તાપમાન ૪૬ ડિગ્રીને પાર થઈ ગયું છે. તો બીજા ૫ શહેરોમાં તાપમાન ૪૨-૪૩ ડિગ્રી વચ્ચે હોવાથી ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગે આગામી ૪૮ કલાક ગુજરાતમાં હીટવેવની આગાહી કરી છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, સુરત, ભાવનગર, વેરાવળ, પોરબંદર, રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, કચ્છ અને દીવનો સમાવેશ થાય છે.

ગરમીનો પારો ૪૩-૪૪ ડિગ્રી સુધી પહોંચી જતાં પેટમાં દુખાવા તેમજ ડિહાઈડ્રેશનના કેસોમાં વધારો નોંધાયો છે. ગરમીના કારણે ઈમરજન્સી સેવા ૧૦૮માં આવતા કોલની સંખ્યામાં ૨૦ ટકા જેટલો વધારો થયો છે. અમદાવાદમાં આગામી ચાર દિવસ ગરમીનો પારો ૪૪થી ૪૫ ડિગ્રી રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. અને લોકોને કામ વગર ઘરની બહાર ન નીકળવા માટે અપીલ કરી છે.

રાજ્યમાં આગ ઝરતી ગરમીના કારણે લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા. રસ્તાઓ સૂમસામ બન્યા. ક્યાંક લોકો શેરડીનો રસ તો ક્યાંક લોકો ઠંડા પીણા પીતા નજરે પડ્યા હતા.

ગરમી વધતા અ.મ્યુ.કો.એ એક્શન પ્લાન તૈયાર કર્યો. શહેરના તમામ અર્બન સેન્ટર પર ઓઆરએસની વ્યવસ્થા કરવામાં આવી છે. બગીચાઓ રાત્રે ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રખાશે અને પીવાના પાણીની વ્યવસ્થા કરાશે. તમામ આંગણવાડીમાં ઓઆરએસ પેકેટ પહોંચાડવામાં આવશે. એસ્ટેટ વિભાગ દ્વારા કન્સ્ટ્રક્શન સાઈટો પર પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરાશે. હિટસ્ટ્રોકના દર્દીઓને તાત્કાલિક સારવાર મળે તે માટે આઈસ પેકની વ્યવસ્થા કરવામાં આવી. એએમટીએસનાં તમામ બસ ડેપોમાં પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી. શહેરના તમામ બીઆરટીએસના બસ સ્ટેન્ડ પર ઓઆરએસ પેકેટનું વિતરણ કરવામાં આવશે. શહેરમાં છ મોબાઈલ પાણીની પરબ પણ ચાલુ કરવામાં આવી છે.

શહેરીજનોને કાળઝાળ ગરમીથી બચવા વધુ પ્રમાણમાં પાણી, છાશ અને પ્રવાહીનું સેવન કરવું. હળવા રંગના સુતરાવ કપડા પહેરવા અને તડકામાં ફરવાનું ટાળવું. નાના બાળકો, વૃદ્ધોએ અને ગર્ભવતી સ્ત્રીઓ ઘરેથી નીકળવાનું ટાળવું.

Registration No. : E/7966/SURAT
સેહરા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
Ph : 0261-4012668 / 2741936
સેહરા પ્રાન્ત યાત્રા સંઘ
રવિભાઈ : 98251 11421 98244 11898
CM-1, Shikha Complex, Samarth Park, Adajan Road, Surat.
વૈષ્ણોદેવી દર્શન શિવખોડી-પટનીટોપ — ઉપડવાની તા. 01-06-2019 — દિવસ-૭ ૪૫૦૦/- રૂપિયા
હરિદ્વાર ઋષિકેશ — ઉપડવાની તા. 03-06-2019 — દિવસ-૬ ૪૦૦૦/- રૂપિયા
ચારધામ યાત્રા યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર — ઉપડવાની તા. 20-06-2019 — દિવસ-૧૩ ૧૧૦૦૦/- રૂપિયા
તિરૂપતિ-રામેશ્વર કન્યાકુમારી-મદુરાઈ — ઉપડવાની તા. 04-06-2019 — દિવસ-૯ ૮૦૦૦/- રૂપિયા
નેપાળ-કાઠમાંડુ-પોખરા બનારસ-અલ્હાબાદ — ઉપડવાની તા. 06-06-2019 — દિવસ-૧૦ ૧૦,૫૦૦/- રૂપિયા
કલકત્તા-ગંગાસાગર જગન્નાથપુરી — ઉપડવાની તા. 05-06-2019 — દિવસ-૧૦ ૭૦૦૦/- રૂપિયા
દરેક પ્રવાસ ટ્રેન દ્વારા રહેશે.રહેવા તથા જમવા સાથે...
BULK WHATS APP Marketed by MARKET4U - 7575006846-47

શું તમે ઘર લીધું પણ ફર્નીચર લેવાનું બાકી છે. તો હવે, ફેકટરી ભાવે ફર્નીચર ખરીદો
એડવાન્સ ફર્નીચર
3+2 સોફા સેટ ₹17,999/- & More
બેડ-રૂમ સેટ ₹23,999/- & More
ડાઈનિંગ સેટ ₹11,499/- & More
સરળ હપ્તેથી ફર્નિચર ખરીદો
HDFC BANK We understand your world
સુરતમાં ફ્રી હોમ ડિલીવરી
અમારે ત્યાં દરેક પ્રકારનું ફર્નીચર મળશે.
તમારા ઘરના માપ મુજબ ફર્નીચર બનાવી આપવામાં આવશે
૧૨૯, રાજવર્લ્ડ શોપીંગ સેન્ટર, નિલકંઠ રેસીડેન્સીની સામે, પાલનપુર કેનાલ રોડ, અડાજણ, સુરત. Mo: 99781 85706, 99781 85709 રવિવારે ચાલુ રહેશે
BULK WHATS APP Marketed by MARKET4U - 7575006846-47

Animesh Shah
+91 98792 00040
B.E.(Electronics)
Right Technology, Right Away
CHANAKYA Accounting SOFTWARE
Accounting Software in English, ગુજરાતી, हिन्दी, Etc..
A-9, Padam Arcade 2, Near handloom house , Nanpura, Surat-395001
Customer Care - 95370 00054
Email :- itclubonline@gmail.com
Web :- http://www.bhkhome.com
BULK WATSAAP
Marketed by MARKET4U - 7575006846-47

પાલ વિસ્તારનો એક અને માત્ર એક વિશ્વસનીય શોરૂમ
radhe furnishing
સોફા અને પડદાનાં કાપડ પર 20% થી 30% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
- સોફાનું કાપડ - થ્રુ ફોમ / મેટ્રેસીસ - પીવીસી ફ્લોરીંગ - રોવર / રોમન - ગ્લાસ ફીલ્મ, વુડ ફીલ્મ
- પડદાનું કાપડ - સોફા - વુડન બ્લાઈન્ડ્સ - આર્ટીફીશીયલ ગ્રાસ - મચ્છરજાળી
- વોલપેપર - વુડન ફ્લોરીંગ - ઝેબ્રા બ્લાઈન્ડ્સ - બેડશીટ - સોફા ક્લાસ્કલીન
વોલપેપર અને મેટ્રેસની વિશાળ રેન્જ ઉપલબ્ધ
refresh DECOR HOME BAJAJ FINSERV 0% PROCESSIG CHARGE 0% INTEREST
દરેક પ્રકારના ક્વોલિટી બેઝ સોફા બનાવવાના સ્પેશ્યાલીસ્ટ
• કસ્ટમાઈઝ વોલપેપર • કસ્ટમાઈઝ 3D ફ્લોરીંગ • કસ્ટમાઈઝ સીલીંગ • કસ્ટમાઈઝ સ્ટેઈર
• કસ્ટમાઈઝ રોલર બ્લાઈન્ડ • કસ્ટમાઈઝ ગ્રટેઈન • કસ્ટમાઈઝ ગ્લાસ અને ડોર • કેનવાસ પર ડીજીટલ પ્રિન્ટ
વોલપેપર | ફ્લોરીંગ | સીલીંગ
સ્ટેઈર | ગ્લાસ ફીલ્મ | કેનવાસ
''રાજ વિક્ટોરીયા'' પહેલો માળ, દુકાન નં. ૧૨૪, ટીજીબી હોટલની ગલીમાં પાલગામ સર્કલની સામે, પાલ.
Mo. 98987 18873 / 97734 32817 E-mail : radhefurnishing.surat@gmail.com
BULK WATSAAP Marketed by MARKET4U - 7575006846-47

સેલ્સ ઓફિસર જોઇએ છે
MARKET 4U
MARKET 4Uકંપનીને ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી સેલ્સ ઓફિસર જોઇએ છે.
કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.
પગાર અનુભવ અને લાયકાત મુજબ
Mo. 75750 06847
Email : market4u19@gmail.com

બ્રોકરો માટે જંગ એ ગુજરાત ની ખાસ ઓફર
જમીન, મકાન, દુકાન, ફ્લેટ, ઓપન લેન્ડ, ઇન્ડસ્ટ્રીલ પ્લોટ, શેડ, રોહાઉસ, બંગલા ભાડે વેચાણ આપનાર તથા લેનાર માટે ખાસ ઓફર
અમારા કરતા સસ્તી અને સરળ ઓફર બીજે ક્યાંય નહી
સંપર્ક
મયંક અગ્રવાલ - ૭૫૭૫૦૦૬૮૪૬ (સુરત)
ધનંજય ઝવેરી - ૭૫૭૫૦૦૬૮૪૭

જોઇએ છે
માર્કેટિંગ એક્ઝિક્યુટીવ
જંગ-એ-ગુજરાત
અખબારના વેબ પોર્ટલ
www.jungegujarat.in
માટે ગુજરાતના તમામ સ્થળે
કમિશનથી જાહેરાત લાવી શકે તેવા
વ્યક્તિઓની તાત્કાલિક નિમણૂંક
કરવાની હોય સંપર્ક કરો.
7574888861

MARKET 4U ISO 9001:2015 Certified company
REG. OFFICE: 13 PRITAM SOCIETY VIBHAG 1, KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ. તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo - Go to play store Download - GPSMARKET
User id : demo - password : 123456
ADMIN OFFICE: 161, SHIV OM NAGAR, MERU LAXMI TEMPLE ROAD, TADWADI, RANDER, SURAT. MO. : 7575006850

રાહુલ ગાંધીએ સોનિયાના સંસદીય ક્ષેત્ર રાયબરેલીમાં જનસભા સંબોધીત કરી

૭૦ વર્ષમાં નોટબંધી જેવી મૂર્ખામી તો કોઈએ કરી નથી : રાહુલ ગાંધી

રાયબરેલી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ યુપીએ ચેરપર્સન સોનિયા ગાંધીની સંસદીય બેઠક રાયબરેલીમાં જનસભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકાર પર પ્રહાર કર્યા હતા. રાહુલ ગાંધીએ અહીં 'ચોકીદાર ચોર છે'નાં નારા પણ લગાવ્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે, ૭૦ વર્ષમાં આજ સુધી એક પણ વડાપ્રધાને નોટબંધી કરવાની મૂર્ખામી કરી નથી.



તેમણે કહ્યું કે, 'જો નોટબંધી કાળુનાણું પરત લાવવા માટે હતી તો ચોર લોકો લાઈનમાં કેમ દેખાયા ન હતા. બધા ઈમાનદારો, બેરોજગારો અને ખેડૂતો જ કેમ લાઈનોમાં ઉભા હતા. કારણ કે ચોકીદારે પોતાના ખિસ્સામાંથી રૂપિયા કાઢી-કાઢીને ૧૫ ચોરોને વહેંચી દીધા હતા. તેમજ મોદીજીએ જનતા સમક્ષ ૧૫ લાખ રૂપિયા વિશે પણ જૂઠાણું ચલાવ્યું હતું.

રાહુલ ગાંધીએ કહ્યું કે, અમે અહીં અમારા મનની વાત કહેવા માટે નહીં પણ જનતાનાં મનની વાત સાંભળવા માટે આવ્યા છે. રાયબરેલી અને અમેઠીમાં અમે જે કંઈ કરવાનું નક્કી કર્યું તે બધું જ મોદીજીએ અટકાવી દીધું. તેમણે અમેઠીમાં રેલવે લાઈન અને રાયબરેલીમાં રેલવે ફેક્ટરી થતી અટકાવી દીધી. ચોકીદારે જનતા પાસેથી રોજગારીની જ ચોરી કરી છે. રેલવે ફેક્ટરીની ચોરી કરી છે. પરંતુ અમે તે બધું જ તમને પરત કરીશું.

મોદી પર પ્રહાર કરતા રાહુલે કહ્યું કે, 'દેશનો એક પણ યુવા એવું નહીં કહે કે હા, ચોકીદારે મને નોકરી આપી છે. બેરજગારીનો દર છેલ્લા ૪૫ વર્ષની ટોચ પર છે. નરેન્દ્ર મોદી જીએ કરી તેવી મૂર્ખામી તો ૭૦ વર્ષમાં એક પણ વડાપ્રધાને કરી નથી. ગરીબોનાં પૈસા છીનવી લેવાનું કામ આ એક જ વડાપ્રધાને કર્યું છે, નરેન્દ્ર મોદીએ. વાજપેયીએ પણ આવું તો નથી કર્યું.

દેશમાં અમારી સરકાર આવશે તો નવી ૨૨ લાખ નોકરીઓમાં ભરતી કરવામાં આવશે. રાહુલે કહ્યુ કે, હવે અચ્છે દિનનો નારો નથી ચાલવાનો. અચ્છે દિનના નારા આપનારી સરકારમાં તમામ લોકોનો ખરાબ દિવસો આવ્યા છે.

ડાયમંડ પેઢીમાં કામ કરતો મેનેજર એક કરોડના હીરા લઈ ફરાર

સુરત

સુરતના કાપોદ્રા વિસ્તારમાં આવેલી આનંદ નગર સોસાયટીમાં રહેતા મહેશ લાઠીયા ઉમિયામતાના મંદિર પાસે જે.મહેશ નામથી ભાગીદારી પેઢી શરૂ કરી હતી. તેમણા ત્યાં છેલ્લા ત્રણ વર્ષથી ચીમના રામ જાટ નામનો યુવક મેનેજર તરીકે નોકરી કરતો હતો. કારખાનાનો આખો વહીવટ ચીમનારામના હાથમાં હતો. કાચા હીરાથી લઈ તેને તૈયાર કરવાના હિસાબ સુધીની તમામ કામગીરી ચીમનારામના હાથમાં હતી. જોકે કરોડો રૂપિયાના હીરા જોઈ ચીમનારામની દાનત બગડી હતી અને તેણે પોતાના જ માલિકને ચૂનો ચોપડવાનું ષડ્યંત્ર રચ્યું હતું.

કારખાનું બંધ થતાં જ તમામ કારીગર ઘરે જવા નીકળ્યા હતા. જે દરમિયાન તકનો લાભ લઈ જે હીરા તિજોરીમાં જમા કરાવવાના હતા, તે ૧ કરોડના હીરાનું પડીકું ખિસ્સામાં મૂકીને તે ત્યાંથી નીકળી ગયો હતો. બીજે દિવસે જયારે કારખાનામાં ચીમનારામની હાજરી નહિ દેખાઈ, તો તરત માલિક મહેશભાઈએ તેનો સંપર્ક કર્યો હતો. જોકે તેનો ફોન બંધ આવતા તેમને શંકા ગઈ હતી. તેમણે તાત્કાલિક તિજોરી ચેક કરી હતી, જેમાંથી એક કરોડના હીરા ગાયબ હતા. હીરાની ચોરી થઈ હોવાની વાત જાણતા જ મહેશ ભાઈના પગ તળેથી જમીન ખસકી પડી હતી. તેમણે તાત્કાલિક આ અંગે વરાછા પોલીસને જાણ કરી હતી. બીજી તરફ કરોડો રૂપિયાના હીરાની ચોરી થયા અંગેની જાણ થતાં જ વરાછા પોલીસ અને ઉપરી અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે ધસી આવ્યો હતો અને તપાસ શરૂ કરી હતી.

પાંચ કલાકથી વધુ સમય સુધી સર્વર ડાઉન રહ્યું

એર ઈન્ડિયાનું સર્વર ખોટકાતા યાત્રીઓ હેરાન-પરેશાન થયા

ન્યુ દિલ્હી

એર ઈન્ડિયાનું સર્વર પાંચ કલાક ડાઉન રહ્યા બાદ આખરે કાર્યરત થયું હતું. એરલાઈનના સીએમડી અશ્વિની લોહાનીએ આ જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે પેસેન્જર સિસ્ટમ મેન્ટેનન્સના કારણે શનિવારે વહેલી સવારના ૩.૩૦થી ૪.૩૦ વાગ્યા દરમિયાન એર ઈન્ડિયાનું સર્વર ડાઉન થઈ ગયું હતું. સવારના ૮.૪૫ કલાકે આખરે સિસ્ટમ ઠીક થતાં એરલાઈનના કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

એર ઈન્ડિયાની ફ્લાઈટ્સનું સર્વર ડાઉન થવાના કારણે આજે યાત્રીઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. એર ઈન્ડિયાની ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ એમ તમામ ફ્લાઈટ પર તેની અસર જોવા મળી હતી. મુંબઈ અને દિલ્હી એરપોર્ટ પર ઘણા યાત્રીઓએ હોબાળો પણ કર્યો હતો. કેટલાક પ્રવાસીઓએ ફરિયાદ કરી હતી કે એર ઈન્ડિયાના કર્મચારીઓ દ્વારા તેમની વાત પણ સાંભળવામાં આવી ન હતી અને તેમને કોઈ સંતોષકારક જવાબ પણ મળ્યો ન હતો.

એર ઈન્ડિયા એરલાઈન્સના SITA સર્વરમાં ખામી સર્જાઈ હતી. હકીકતમાં SITA એક મલ્ટિનેશનલ ટેક્નોલોજી કંપની છે, જે એર ટ્રાન્સપોર્ટ ઈન્ડસ્ટ્રીઝને આઈટી અને ટેલિકોમ્યુનિકેશન સર્વિસ ઉપલબ્ધ કરાવે છે. મોટા ભાગની પેસેન્જર ફ્લાઈટ્સ હાલ SITA ટેક્નોલોજીનો જ ઉપયોગ કરે છે.

સર્વર ડાઉન થયા બાદ યાત્રીઓને પડેલી પરેશાની જોઈને એર ઈન્ડિયાએ એક નિવેદન જારી કરી અસુવિધા બદલ ખેદ વ્યક્ત કર્યો હતો અને પ્રવાસીઓની માફી પણ માગી હતી. એર ઈન્ડિયાના નિવેદનમાં જણાવવામાં આવ્યું કે SITA સર્વર ડાઉન થવાના કારણે અનેક ફ્લાઈટ પ્રભાવિત થઈ છે. યાત્રીઓને જે તકલીફ પડી તે બદલ અમો દિલગીર છીએ.

આ નોટનો રંગ લીલાસ પડતો પીળો હશે

આરબીઆઈ ટૂંક સમયમાં ૨૦ની નવી નોટ બહાર પાડશે

મુંબઈ

ટૂંક સમયમાં જ તમને ૨૦ રૂપિયાની નવી નોટ જોવા મળી શકે છે. આરબીઆઈએ એક સૂચના જાહેર કર છે જેમાં તેણે ૨૦ રૂપિયાની નવી નોટ લાવવાની વાત કરી છે. આ નોટિફિકેશનમાં RBIએ આ નોટના રંગ-રૂપથી લઈને તેની ખાસીયતો વિશે જણાવ્યું છે. આ નોટમાં ગવર્નર શક્તિકાંત દાસના હસ્તાક્ષર હશે અને નોટની પાછળ સાંસ્કૃતિક વિરાસતને દર્શાવતા એલોરાની ગુફાઓનું ચિત્ર દર્શાવવામાં આવ્યું છે. મહાત્મા ગાંધીની નવી સીરિઝના આ નોટનો રંગ લીલાસ પડતો પીળો હશે. તેની સાથે જ RBIએ જણાવ્યું કે નવી નોટ જાહેર થયા બાદ પણ જુની નોટો ચલણમાં રહેશે.

RBI દ્વારા જાહેર કરવામાં આવેલી ૨૦ રૂપિયાની નવી નોટમાં આગળના ભાગ પર મહાત્મા ગાંધીનું ચિત્ર વચ્ચે છે. તેજ ભાગમાં નોટનું મુલ્ય હિન્દી અને અંગ્રેજીમાં લખેલું રહેશે અને RBI, ભારત, India અને ૨૦ માઈક્રો લેટર્સના રૂપમાં રહેશે. સુરક્ષા પટ્ટી પર ભારત અને RBI લખેલું હશે. નોટના આગળના ભાગ પર ગેરંટી ક્લોઝ, ગવર્નરના હસ્તાક્ષર, RBIનું પ્રતીક ચિન્હ મહાત્મા ગાંધીની તસ્વીરની જમણી તરફ રહેશે અને નોટની જમણી બાજુ અશોક સ્તંભ રહેશે. નોટનો નંબર ડાબેથી જમણી તરફ વધતા ક્રમમાં છાપેલું રહેશે.

નોટના પાછળના ભાગ પર ડાબી તરફ વર્ષ, સ્વચ્છ ભારતનો લોગો સ્લોગનની સાથે અને ભાષાની પટ્ટી રહેશે.

નોટના પાછલા ભાગ પર એલોરાની ગુફાઓનું ચિત્ર ભારતના સાંસ્કૃતિક વારસાનું પ્રતિનિધિત્વ કરશે. નોટ ૬૩ મીમી પહોળી અને ૧૨૯ મીમી લાંબી હશે.

કોંગ્રેસ પરિવાર મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ઝિણા, નેહરુ, ઈન્દિરા, રાહુલની પાર્ટી છે

દેશની આઝાદી અને વિકાસમાં મોહમ્મદ જિન્નાહનું સૌથી મોટું યોગદાનઃ શત્રુઘ્નસિંહા

છિંદવાડા

કોંગ્રેસની ટિકીટ પર બિહારની પટના સાહિબ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા શત્રુઘ્ન સિંહાએ મોહમ્મદ અલી જિણાની પ્રશંસા કરી છે. શત્રુઘ્ન સિંહાએ મધ્ય પ્રદેશના છિંદવાડાના સૌસરમાં એક ચૂંટણી સભાને સંબોધન કરતાં કહ્યું કે ભારતની આઝાદી અને વિકાસમાં મહોમ્મદ જિણાનું પણ યોગદાન છે.

આ દરમિયાન મંચ પર મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી કમલનાથ પણ ઉપસ્થિત હતા. છિંદવાડા બેઠક પરથી આ વખતે કમલનાથના પુત્ર નકુલનાથને કોંગ્રેસે ટિકીટ આપી છે. કોંગ્રેસના નેતા શત્રુઘ્ન સિંહાએ કહ્યું કે કોંગ્રેસ પરિવાર મહાત્મા ગાંધીથી લઈને સરદાર વલ્લભભાઈ પટેલ સુધી, મોહમ્મદ અલી જિણાથી લઈને જવાહરલાલ નહેરૂ સુધી, ઈન્દિરા ગાંધીથી લઈને રાજીવ ગાંધી અને રાહુલ સુધીની પાર્ટી છે.

ભારતની આઝાદી તેમજ વિકાસમાં આ બધાનું યોગદાન છે. જેના કારણે હું કોંગ્રેસ પાર્ટીમાં જોડાયો છું, અને જો એક વખત આવી ગયો છું તો પહેલી અને કદાચ અંતિમ વખત કોંગ્રેસ પાર્ટીમાંથી પરત કહીં નહીં જાઉં. કોંગ્રેસ નેતા શત્રુઘ્ન સિંહાએ ભાજપ છોડવાને લઈને એક વાર ફરી નિશાન સાધ્યું હતું. શત્રુઘ્ન સિંહાએ પોતાના આગવા અંદાજમાં કહ્યું કે 'કંઈક તો મજબૂરી રહી હશે, નહીં તો કોઈ આમ જ બેવફા નથી હોતું'.

શત્રુઘ્ન સિંહાએ જણાવ્યું કે વ્યક્તિથી મોટી પાર્ટી હોય છે, પાર્ટીથી મોટો દેશ હોય છે, દેશથી મોટું કાંઇ હોતું નથી. દેશમાં બે શખ્સ પોતાની વિચારધારા થોપવાની કોશિશ કરી રહ્યા છે. પરંતુ તેમા તેમને સફળતા મળવાની નથી. પીએમએ જ્યારે નોટબંધી બાદ જીએસટી લાગુ કર્યો તો બિલકુલ લિમડા પર કરેલું હતું.

હવે ડર નથી નવું ભારત આતંકવાદીઓના ઘરમાં જઈને મારશેઃ પીએમ મોદી

કન્નૌજ

વારાણસીમાં રોડ શો બાદ વડાપ્રધાન મોદી આજે યુપીમાં કન્નોજ, હરદોઈ અને સીતાપુરમાં ચૂંટણી રેલીઓને સંબોધિત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સપા-બસપા અને આરએલડીના ગઠબંધનને ટાંકીને પ્રહારો કર્યા હતા. વડાપ્રધાને તેમને તકવાદીઓનું ગઠબંધન ગણાવ્યું હતું અને જણાવ્યું હતું કે, આ તકવાદી લોકોનું ગઠબંધન મજબૂર સરકાર ઈચ્છે છે અને તેમનો મંત્ર છે, 'જાત પાત જપના, જનતા કા માલ અપના.'

રેલીમાં મોદીએ 'ચોકીદાર' અને રામ ભક્તની ટીકા કરવા બદલ વિપક્ષો પર શાબ્દિક પ્રહાર કરતા જણાવ્યું કે આ લોકો છે જેઓ બાલાકોટ હુમલાના પુરાવા માંગે છે અને બાટલા એક્કાઉન્ટરમાં આતંકીઓ વિરુદ્ધના ઓપરેશનમાં આંસુ સારતા હતા.

તેમણે કહ્યું આ વખતે કોઈ દળ નહીં પરંતુ પ્રજા ચૂંટણી લડી રહી છે. ગમે તે થાય જીતશે તો મોદી જ. હું જ્યારે એરપોર્ટ ઉતર્યો તો મેં સ્થાનિક નેતાઓને પૂંછ્યું કેવો માહોલ છે? એમણે કહ્યું ન તો અમે ચૂંટણી લડી રહ્યાં છે, ન તો ભાજપ ચૂંટણી લડી રહ્યો છે, આ ચૂંટણી તો ઉત્તર પ્રદેશની પ્રજા લડી રહી છે. આ નવું હિંદુસ્તાન છે ડરવાનું નથી. નવું હિંદુસ્તાન ઘરમાં ઘૂસીને મારશે. દેશ સુરક્ષિત થશે ત્યારે જ સામાન્ય માણસનું જીવન યોગ્ય થશે.

હતું કે 'મોદી સરકાર'. વિપક્ષના નેતાઓના વડાપ્રધાન બનવાના સ્વપ્નનો ઉલ્લેખ કરતા મોદીએ માયાવતીને આડેહાથ લીધા હતા અને જણાવ્યું કે, 'સત્તામાં આવવા માટે કેટલાક લોકોએ સપા સાથે ગઠબંધન કર્યું છે.'

અક્ષય કુમારે નમો ટીવીના એન્કર બની જવું જોઈએઃ અસદુદ્દીન ઓવૈસી

હૈદરાબાદ

એઆઈએમના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ પીએમ મોદીનું ઈન્ટરવ્યૂ લેનારા બોલિવૂડ અભિનેતા અક્ષય કુમાર પર પ્રહાર કરતા જણાવ્યુ કે અક્ષય કુમારે નમો ટીવાના એક્કર બની જવુ જોઈએ. ઈન્ટરવ્યૂમાં પીએમ મોદીને સવાલ પૂછવામાં આવ્યો કે તમે કેરી કેવી રીતે ખાવ છો?. આવા સવાલ પૂછનારા એક્ટરને સવાલ પણ પુછતા આવડતા નથી. કેરી વિશે સવાલ પૂછનારા એક્ટરે એવા પણ સવાલ પૂછવા જોઈએ કે તમે દેશના યુવાઓને બે કરોડ નોકરીનો વાયદો કર્યો હતો. તેનું શું થયુ. મહત્વપૂર્ણ છે કે ગત દિવસે બોલિવૂડ અભિનેતા અક્ષય કુમારે પીએમ મોદીનો ઈન્ટરવ્યૂ લીધો હતો. જેમા પીએમ મોદીને અનેક સવાલ પૂછવામાં આવ્યા હતા.

આ તબક્કામાં ૯ રાજ્યોની ૭૧ બેઠક પર મતદાન થશે

ચોથા તબક્કાના મતદાન માટેના પ્રચાર-પડઘમ શાંતઃ કાલે મતદાન

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી-૨૦૧૯ના ચોથા તબક્કા માટેનુ પ્રચાર પ્રસાર આજે સાંજે છ વાગ્યે સમાપ્ત થયા હતા. જેનું ૨૯ એપ્રિલના રોજ મતદાન કરવામાં આવશે. આ તબક્કામાં ૯ રાજ્યોની ૭૧ બેઠક પર મતદાન કરવામાં આવશે. આ તબક્કામાં મહારાષ્ટ્રની ૧૭, ઉત્તરપ્રદેશની ૧૩, રાજસ્થાનની ૧૩ બેઠક પર મતદાન હાથ ધરવામાં આવશે. આ સિવાય મધ્યપ્રદેશની ૬, પશ્ચિમ બંગાળની ૮, બિહારની ૫, કાશ્મીરની ૧ અને ઝારખંડની ૩ બેઠક પર મતદાન કરવામાં આવશે. જેમા ૯૪૩ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થવાના છે.

લોકસભાની ચૂંટણીનો પ્રચાર અને પ્રસાર આજે સાંજે ૬ કલાકથી શાંત પડી જશે. જેનું મતદાન ૨૯ એપ્રિલના રોજ યોજાશે. જેમાં ઉત્તર પ્રદેશની ૧૩ બેઠક પર મતદાન કરવામાં આવશે, તેમાં ઈટાવા, કન્નૌજ, ઉન્નાવ, કાનપુર, ઝાંસી અને હમીરપુર બેઠક સામેલ છે. બિહારમાં દરભંગા, બેગૂસરાય, મુંગેર, સમસ્તીપુર, ઉજિયારપુર બેઠક પર મતદાન કરવામાં આવશે. આ ઉપરાંત પાંચમાં તબક્કા માટે છ મે ના રોજ મતદાન કરવામાં આવશે. આ ઉપરાંત છઠ્ઠા અને સાતમાં તબક્કા માટે ૧૨ અને ૧૯ મે ના રોજ મતદાન કરવામાં આવશે. જેની ૨૩ મે ના રોજ મતગણતરી હાથ ધરાશે.

આ તબક્કામાં કોંગ્રેસ નેતા સલમાન ખુર્શીદ, સપા નેતા ડિમ્પલ યાદવ, ભાજપ નેતા સાક્ષી મહારાજ, ગિરિરાજસિંહ, સીપીઆઈના ઉમેદવાર કનૈયા કુમાર, આરએલએસપી નેતા ઉપેન્દ્ર કુશવાહ અને સૌથી ધનવાન ઉમેદવાર અને કમલનાથના પુત્ર નકુલ નાથનું ભાવિ ઈવીએમમાં સીલ થશે. આ તબક્કો એનડીએ માટે જ મહત્વપૂર્ણ છે. કેમકે ચોથા તબક્કામાં જે ૭૧ બેઠકો પર મતદાન થવાનું છે તે પૈકી ૫૬ બેઠકો એનડીએ પાસે છે.

શ્રીલંકામાં વધુ ૩ બ્લાસ્ટ, પોલીસ દરોડામાં ફિદાયીને પોતાને ઉડાવ્યો

કોલંબો

શ્રીલંકામાં રવિવારે થયેલા આતંકવાદી હુમલા બાદ પોલીસ વધુ સતર્ક બની છે અને અલગ અલગ સ્થળે તપાસ હાથ ધરતાં તેમને એક ઘરમાંથી ૧૫ મૃતદેહ મળી આવ્યા હતા. જેમાંથી ત્રણ મૃતદેહ સંદિગ્ધ આતંકવાદીના હોય તેવી દહેશત છે.

વધુ એકવખત કલમુનાઈમાં ત્રણ બ્લાસ્ટે આખા શ્રીલંકાને હચમચાવી નાખ્યું છે. પોલીસનું કહેવું છે કે આ ઘટના પરથી એમ લાગી રહ્યું છે કે કેટલાક આતંકવાદીઓ વિસ્ફોટકની મદદથી મોતને ભેટ્યા. શ્રીલંકાના પૂર્વીય કાંઠા વિસ્તારમાં શુક્રવારે આખી રાત ગોળીબારી ચાલી હતી.

પોલીસ પ્રવક્તાએ જણાવ્યું કે, એક ઘરમાં આતંકવાદીઓ છૂપાયા હોવાની માહિતી મળ્યા બાદ પોલીસે તે ઘર પર દરોડા પાડ્યા હતા. પોલીસ ઘરની નજીક ગઈ કે તરત જ આતંકવાદીઓએ પોલીસ પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. જવાબી કાર્યવાહીમાં પોલીસે ગોળીબાર કર્યો હતો. આ ઓપરેશનમાં ૧૫ લોકોના મોત નીપજ્યા છે. મૃતકોમાં છ બાળકોનો પણ સમાવેશ થાય છે.

લશ્કરના એક પ્રવક્તાએ પોલીસ અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હોવાની વાતને સમર્થન આપ્યું હતું. શુક્રવારે લશ્કરના જવાનો અને શંકાસ્પદ આતંકવાદીઓ વચ્ચે અથડામણ શરૂ થઈ ગઈ હતી. બાટિકાલોઓ શહેરના દક્ષિણ વિસ્તારમાં થયેલી આ અથડામણમાં સંદિગ્ધ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

પ્રવક્તા સુમિત અટ્ટાપટ્ટુએ જણાવ્યું હતું કે 'પોલીસ આતંકવાદીઓ છૂપાયા હતા તે ઘર તરફ આગળ વધી રહી હતી ત્યારે આતંકવાદીઓએ તેમના પર અંધાધૂંધ ગોળીબાર કર્યા હતા. ત્રણ વિસ્ફોટક ધમાકાઓ સાથે ગોળીબારી કરવામાં આવ્યો હતો.

ભોપાલથી ઉમેદવાર પ્રજ્ઞા ઠાકુરે પોતાની ઉમેદવારી પરત ખેંચી..!!

ભોપાલ

મધ્યપ્રદેશની ભોપાલ લોકસભા સીટ પરથી પ્રજ્ઞા ઠાકુરે પોતાનું ઉમેદવારી પત્ર પરત ખેંચ્યું છે. આ સમાચાર સાંભળીને કદાચ ચોંકી જશો પરતું ઉમેદવારી પત્ર પરત ખેંચનાર પ્રજ્ઞા ઠાકુર ભાજપના ઉમેદવાર પ્રજ્ઞાસિંહ ઠાકુર નહી પરંતુ અપક્ષ ઉમેદવાર પ્રજ્ઞા ઠાકુર છે. અપક્ષ ઉમેદવાર પ્રજ્ઞા ઠાકુરે ભાજપના ઉમેદવાર પ્રજ્ઞાસિંહ ઠાકુરના સમર્થનમાં પોતાનું નામ પરત ખેચ્યું છે.

ભોપાલ લોકસભાની સીટ પરથી ભાજપે સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુરને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. આ સીટ પરથી જ સરખું નામ ધરાવતા પ્રજ્ઞા ઠાકુરે પણ અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. સરખું નામ હોવાને કારણે મતદારોથી ચૂક થશે તેવો ભાજપને આશંકા હતી.

કેન્સરથી મૃત્યુ પામનારા લોકોમાં

૨૭ ટકાને હોય છે ફેફસાંનું કેન્સર


સ્મોકિંગ આ રોગ પાછળનું મુખ્ય કારણ છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ રોગ નોન-સ્મોકર્સમાં પણ જોવા મળી રહ્યો છે. આજે આપણે જાણીએ આ રોગનાં કારણો અને ગંભીરતા

નવેમ્બર મહિનો સમગ્ર દુનિયામાં લંગ કૅન્સર અવેરનેસ મન્થ તરીકે ઊજવાય છે. કૅન્સર શરીરના કોઈ પણ ભાગમાં થઈ શકે છે અને શરીરના કોઈ પણ ભાગમાં થયેલું કૅન્સર એ ભાગમાંથી જુદા-જુદા ભાગોમાં ફેલાઈ શકે છે. કૅન્સર પાછળનાં ખાસ કારણો આપણે જાણતા નથી અને જે અમુક કારણો જ્ઞાત થયાં છે એ કારણો જાણવા છતાં આપણે એનાથી મુક્તિ મેળવી શકતા નથી અથવા તો મેળવવા માગતા જ નથી. મોટા ભાગના લોકોના જીવનમાં કૅન્સર વણમાગ્યો શ્રાપ બનીને આવી જાય છે તો કેટલાક લોકો પોતાની અયોગ્ય કુટેવોને લીધે એને પોતાના જીવનમાં ખાસ આમંત્રણ આપી બોલાવતા હોય છે. આજે આ રોગને થોડો નજીકથી સમજવાની કોશિશ કરીએ. જર્નલ 'થોરૅક્સ'માં પ્રકાશિત થયેલા રિસર્ચમાં જણાવવામાં આવ્યું હતું કે બધાં કૅન્સરમાં લંગ એટલે કે ફેફસાંનું કૅન્સર એવું છે જેનું નિદાન કરવું અઘરું છે. ૨૦માંથી ૧ ફેફસાંના કૅન્સરનો દરદી એવો હોય છે જેના મૃત્યુ પછી જ ખબર પડે છે કે આ વ્યક્તિનું ફેફસાંના કૅન્સરને કારણે મૃત્યુ થયું છે એટલું જ નહીં, ૩૦ ટકા લોકોના નિદાનમાં એટલું મોડું થઈ જાય છે કે નિદાન બાદ તેમની પાસે જીવવા માટે ફક્ત ૩ મહિના જ બચે છે અને ૧૦ ટકા એવા છે જેઓ નિદાનના ૧ મહિનામાં જ મૃત્યુ પામે છે. આ રિસર્ચમાં ૨૦,૧૪૦ ફેફસાંના કૅન્સરના દરદીઓનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. એના નિદાન વિશે જાણતાં પહેલાં એ સમજીએ કે આ રોગ થવા પાછળનાં કારણો શું છે અને પછી જાણીએ આ રોગનું નિદાન શા માટે અઘરું છે.

સ્મોકિંગ

ભારતીય સ્ત્રીઓમાં પહેલા નંબરે બ્રેસ્ટ-કૅન્સર, બીજા નંબરે સર્વાઇકલ કૅન્સર અને ત્રીજા નંબરે ફેફસાંનું કૅન્સર આવે છે. નવાઈની વાત એ છે કે સ્ત્રી અને પુરુષ બન્નેમાં કૅન્સરને કારણે મૃત્યુ પામવામાં સૌથી પહેલા નંબરનું ફેફસાંનું કૅન્સર છે. આ કૅન્સર થવા પાછળનાં કારણો જણાવતાં ડૉ. ગણપતિ ભટ કહે છે, 'ફેફસાંનું કૅન્સર થવાના મુખ્ય કારણમાં સ્મોકિંગ પહેલા નંબરે આવે છે. જે લોકો સ્મોકિંગ કરે છે એમાંથી ૯૦ ટકા લોકોને પોતાના જીવનકાળ દરમ્યાન ફેફસાંનું કૅન્સર થાય જ છે. બાકીનાં અમુક મહત્વનાં કારણોમાં પૅસિવ સ્મોકિંગ અને હવાનું પ્રદૂષણ પણ આવે છે. બીજી વ્યક્તિના સ્મોકિંગનો ધુમાડો જ્યારે આપણા શ્વાસમાં જાય ત્યારે તે આપણાં ફેફસાંને એટલું જ નુકસાન પહોંચાડે છે જેટલું સ્મોકિંગ કરનાર વ્યક્તિને પહોંચાડે છે. આમ સ્મોકિંગથી દૂર રહો અને સ્મોકિંગ કરનારા લોકોથી પણ દૂર રહો એ ખૂબ જરૂરી છે. ઘણાં રિસર્ચ અને મેડિકલ સાયન્સના પ્રયત્નો દ્વારા આજે કૅન્સરનો ઘણો સારો ઇલાજ શક્ય બન્યો છે, પરંતુ હજી પણ મેડિકલ સાયન્સ ત્રીજા અને ચોથા સ્ટેજ પર પહોંચી ગયેલા કૅન્સર સામે લડી શકતું નથી. માટે જલદી નિદાન અને ઇલાજ પર નર્ભિર રહેવાને બદલે મહત્વનું છે કે વ્યક્તિ એનાથી કઈ રીતે બચી શકે છે એના પર ધ્યાન આપે.'

બીજાં કારણો



૮ ૦૮કા


આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાં એવો સમય હતો કે લગભગ લંગ કૅન્સરના દરદીઓ સ્મોકર્સ જ હતા, પરંતુ આજે એવા દરદીઓની સંખ્યા પણ ઘણી વધારે જોવા મળે છે જેને સ્મોકિંગની આદત નથી, પરંતુ છતાં તેઓ લંગ કૅન્સરનો ભોગ બન્યા હોય. આ બાબતે સમજાવતાં એશિયન કૅન્સર ઇન્વેસ્ટિગેટર્સ ઑન્કોસર્જન પદ્મશ્રી ડૉ. રમાકાંત દેશપાંડે કહે છે, 'હવામાં પ્રદૂષણ વધતું જાય છે અને એ પ્રદૂષણની અસર ફેફસાં પર થાય એને કારણે કૅન્સરનું રિસ્ક ઘણું વધી જાય છે એટલું જ નહીં, કોઈ પણ પ્રકારનું ફેફસાંનું ઇન્ફેક્શન થયું હોય તો પણ એવી વ્યક્તિને ફેફસાંનું કૅન્સર થવાની સંભાવના વધારે રહે છે. આ ઇન્ફેક્શન દરમ્યાન ફેફસાંના કોષો અસરગ્રસ્ત થયા હોવાને કારણે એમાં ભવિષ્યમાં કૅન્સર ડેવલપ થવાનું રિસ્ક રહે છે. આ ઇન્ફેક્શનમાં સૌથી મહત્વનું છે ટીબી. ટીબીને કારણે કૅન્સર થાય એવું નથી, પરંતુ જે લોકોને ટીબી થયો હોય એવા લોકોને ભવિષ્યમાં કૅન્સરનું રિસ્ક વધુ રહે છે, કારણ કે એ કોષો પર અસર થયેલી હોય છે. એ સિવાય જે લોકો પૅસિવ સ્મોકિંગનો ભોગ બને છે એ લોકોને પણ આ રોગ થવાની શક્યતા રહે છે. આમ સ્મોકર્સ પર તો રિસ્ક છે જ, પરંતુ નૉન-સ્મોકર્સને પણ આ રોગ થવાની શક્યતા રહે છે.'

નિદાન કેમ અઘરું?

એ હકીકત છે કે કૅન્સરનું જો શરૂઆતના સ્ટેજમાં નિદાન થયું હોય તો વ્યક્તિને બચાવવી સરળ બને છે. ખાસ કરીને જો એ પ્રથમ સ્ટેજ પર હોય તો, પરંતુ ફેફસાંના કૅન્સરમાં મોટા ભાગે દરદી મોડા પડતા હોય છે. શું ફેફસાંના કૅન્સરનું નિદાન કરવું અઘરું છે? એવાં કયાં કારણો છે જેને લીધે ફેફસાંના કૅન્સરનું નિદાન સરળ બનતું નથી? આવા પ્રશ્નોના જવાબ આપતાં અંધેરીની હોલી સ્પિરિટ હૉસ્પિટલના કન્સલ્ટન્ટ મેડિકલ ઑન્કોલૉજિસ્ટ ડૉ. નિર્મલ રાઉત કહે છે, 'એ હકીકત છે કે ફેફસાંના કૅન્સરનું નિદાન કરવું બીજા કૅન્સરની સરખામણીમાં અઘરું છે. એનું સૌથી પહેલું કારણ એ છે કે ફેફસાં શરીરનો અંદરનો ભાગ છે, જેમ કે મોઢાનું કૅન્સર હોય તો એ શરીરની બહારનો ભાગ છે જેને જોઈને કૅન્સરની ગાંઠ છે એ દેખાઈ જાય છે કે પછી બ્રેસ્ટ-કૅન્સર હોય તો એને દબાવતાં જ ગાંઠ છે એ સમજી શકાય છે, પરંતુ ફેફસાંમાં આવું થતું નથી. બીજું કારણ એ છે કે ફેફસાં શરીરનો એક મોટો ભાગ છે જેમાં કૅન્સરને ફેલાવા માટે ઘણીબધી જગ્યા હોય છે. જ્યાં સુધી કૅન્સરના કોષો સમગ્ર ફેફસાંમાં વધુ માત્રામાં ફેલાઈ ન જાય ત્યાં સુધી ખાસ કોઈ ચિહ્નો સામે આવતાં નથી. માટે જ પ્રારંભિક તબક્કામાં ફેફસાંના કૅન્સરનું નિદાન અઘરું બને છે.'

બચાવ માટે કોઈ ટેસ્ટ?

સ્મોકિંગ કરનારા લોકોએ સતર્ક થવાની જરૂર છે, કારણ કે સ્મોકિંગ ફેફસાંના કૅન્સર માટે જવાબદાર કારણ છે, પરંતુ કોઈ ટેસ્ટ એવી હોઈ શકે જે નૉર્મલી આવી વ્યક્તિ કરાવતી રહે જેનાથી કૅન્સરનું નિદાન સરળ બની જાય? એનો જવાબ નકારમાં આપતાં ડૉ. રમાકાંત દેશપાંડે કહે છે, 'કૅન્સરના નિદાન માટે એક્સ-રે કઢાવવો ખૂબ જરૂરી બની જાય છે. એક્સ-રેમાં રેડિયેશન હોય છે જે ખુદ કૅન્સર થવા પાછળ જવાબદાર કારણ છે અને આમ કોઈ પણ રેગ્યુલર સ્મોકરને એવી સલાહ ન અપાય કે દર ૬ મહિને તમે એક્સ-રે કઢાવીને ચેક કરાવતા રહો, કારણ કે સ્મોકરને સ્મોકિંગથી તો નુકસાન થઈ જ રહ્યું છે એની સાથોસાથ રેડિયેશનથી પણ નુકસાન થાય અને કૅન્સરના ચાન્સ વધી જાય. એક્સ-રે ત્યારે જ કઢાવાય જ્યારે એની જરૂર હોય. મોટા ભાગે શરૂઆતનાં લક્ષણો સ્વરૂપે વધુપડતો કફ થાય કે શ્વાસ લેવામાં તકલીફ જણાય અને જો આ લક્ષણો ત્રણ અઠવાડિયાંથી વધુ સમય રહે તો ડૉક્ટરની સલાહ મુજબ એક્સ-રે કઢાવવો યોગ્ય જણાશે. એ સિવાય એક લો ડોઝ સ્પાઇરલ ઝ્ર સ્કૅન આવે છે.



નેતા બદલાવાથી વ્યવસ્થા નથી બદલાતી, વ્યવસ્થા બદલવાથી વ્યવસ્થા બદલાય છે અને એ બદલવામાં કોઈને રસ નથી

સર્વોચ્ચ અદાલતે પહેલી વાર ફોડ પાડીને કેન્દ્ર સરકારને નિર્દેશ આપ્યો છે કે રાજકારણીઓ સામેના ફોજદારી ગુનાઓના ખટલા ચલાવવા ખાસ અદાલતો રચવામાં આવે.સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ રંજન ગોગોઈ અને ન્યાયમૂર્તિ નવીન સિંહાએ કહ્યું હતું કે અત્યારે જો ખાસ અદાલતોની સ્થાપના કરવી હોય તો એ માટે નાણાકીય ફાળવણી અને જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર રાજ્ય સરકારો દ્વારા ઉપલબ્ધ કરાવવું પડે છે અને એમાં એ ખાસ ઉત્સાહ દાખવતી નથી. આનો જો ઉકેલ લાવવો હોય તો કેન્દ્ર સરકારે ફાસ્ટ ટ્રૅક અદાલતોની રાહે ગુનેગાર રાજકારણીઓ સામે કામ ચલાવવા માટે એક કેન્દ્રીય યોજના બનાવવી જોઈએ. પહેલા દોરમાં પાંચ વરસ માટેની સેન્ટ્રલ સ્કીમ બનાવવામાં આવે અને એ પછી પણ જો જરૂરી લાગે તો એની મુદત વધારવામાં આવે.

અશ્વિની ઉપાધ્યાય નામના મ્ત્નંના એક નેતાએ સર્વોચ્ચ અદાલતમાં પિટિશન કરી છે કે જે રાજકારણી અદાલતમાં કોઈ ફોજદારી ગુનામાં તકસીરવાર ઠર્યા હોય તે જિંદગીભર ચૂંટણી ન લડી શકે એવી જોગવાઈ કરવી જોઈએ. આ પિટિશન પરની સુનાવણી દરમ્યાન સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓએ ઉપરોક્ત પ્રસ્તાવ મૂક્યો ત્યારે કેન્દ્ર સરકારના વધારાના સૉલિસિટર જનરલ આત્મારામ નાડકર્ણીએ કહ્યું હતું કે કેન્દ્ર સરકારને આની સામે વાંધો નથી, પરંતુ આ વિષય રાજ્ય સરકારનો અખત્યારનો છે. આવી બે મોઢાની વાત સાંભળીને ગુસ્સે થયેલા ન્યાયમૂર્તિઓએ પૂછ્યું હતું કે શું કેન્દ્ર સરકાર પાસે સેન્ટ્રલ સ્કીમ બનાવવાનો અને અમલ કરવાનો અધિકાર નથી? એ પછી ન્યાયમૂર્તિઓએ આદેશ આપ્યો હતો કે પાંચ અઠવાડિયાં પછી ૧૩ ડિસેમ્બરે જવાબ લઈને આવજો કે કેન્દ્ર સરકારે આ વિશે શું કહેવાનું છે. આવી બે મોઢાની વાત નહીં ચલાવી લેવાય.

ગુનેગાર રાજકારણીઓ જાહેર જીવનને અભડાવી રહ્યા છે એની સામેનો સર્વોચ્ચ અદાલતનો આ હસ્તક્ષેપ પહેલી વારનો નથી. આ પહેલાં ૨૦૧૪ની ૧૦ માર્ચે? સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો હતો કે ગુનેગાર રાજકારણીઓ સામેના ખટલાઓનો નિકાલ એક વરસમાં આવવો જોઈએ અને એની તજવીજ કરવામાં આવે. ૨૦૧૪માં કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતને કહ્યું હતું કે દેશભરની અદાલતોમાં લોકપ્રતિનિધિઓ (સંસદસભ્યો અને વિધાનસભ્યો) સામે કુલ મળીને ૧૫૮૧ ફોજદારી ખટલાઓ પડ્યા છે. એની યાદ અપાવતા આ વખતે સર્વોચ્ચ અદાલતે પૂછ્યું હતું કે એ ૧૫૮૧ આરોપી રાજકારણીઓમાંથી કેટલા ખટલાઓનો નિકાલ આવ્યો? આ આંકડો ૨૦૧૪ની શરૂઆતના મહિનાઓનો છે. એ પછી લોકસભાની ચૂંટણી યોજાઈ હતી અને અસોસિએશન ફૉર ડેમોક્રેટિક રાઇટના અહેવાલ મુજબ અત્યારની લોકસભામાં જે મહાનુભાવો બિરાજમાન છે એમાંથી ૩૪ ટકા સભ્યો સામે ફોજદારી ખટલાઓ ચાલી રહ્યા છે. એક વરસમાં નિકાલ આવવાનું તો બાજુએ રહ્યું, વર્તમાન લોકસભામાં ૧૮૦ જેટલા આરોપીઓ બેઠા છે. તેમની મુદતનાં ત્રણ વરસ વીતી ગયાં છે અને તેમાંના કેટલાક તો પ્રધાનપદું અને બીજા સરકારી હોદ્દા ભોગવી રહ્યા છે. આમાંના કેટલાક સામે તપાસ ચાલી રહી છે, કોઈની ફાઇલ બંધ કરી દેવામાં આવી છે; પણ આમાંથી કોઈની સામે આરોપનામું દાખલ થયું નથી તો ખટલો અને સજા તો બહુ દૂરની વાત છે.

સર્વોચ્ચ અદાલતના આદેશની વિવેચના કરતાં પહેલાં જાહેર જીવનની શુદ્ધિની બાબતમાં વર્તમાન શાસકો કેટલા પ્રતિબદ્ધ છે એની વિગતો જોઈ લઈએ.

રાજસ્થાનમાં વસુંધરા રાજેની સરકારે ધ ક્રિમિનલ લૉઝ (રાજસ્થાન અમેન્ડમેન્ટ)ઑર્ડિનન્સ-૨૦૧૭ નામનો એક વટહુકમ બહાર પાડ્યો હતો. એ વટહુકમમાં એવી જોગવાઈ છે કે રાજ્ય સરકારની પરવાનગી વિના રાજ્યની કોઈ અદાલત લોકપ્રતિનિધિઓ, પ્રધાનો, સરકારી હોદ્દા ભોગવનારાઓ અને અમલદારો સામે ખટલા ચલાવી નહીં શકે. હદ તો એ વાતની છે કે કોઈ મીડિયા (પ્રિન્ટ, ઇલેક્ટ્રૉનિક અને ડિજિટલ એમ ત્રણેય) સરકારની પરવાનગી વિના ઉક્ત મહાનુભાવો સામે કોઈ આરોપ હશે તો એની વિગતો સંબંધિત વ્યક્તિનું નામ લઈને પ્રકાશિત કે પ્રસારિત નહીં કરી શકે. હવે એ વટહુકમ ખરડો બનીને રાજ્યની વિધાનસભામાં આવ્યો છે અને સરકાર પાછળ હટવા તૈયાર નથી.

રાજસ્થાનના પ્રતિષ્ઠિત અખબારના માલિક-તંત્રી ગુલાબચંદ કોઠારીએ જાહેરાત કરી છે કે જ્યાં સુધી ખરડો પાછો લેવામાં નહીં આવે ત્યાં સુધી વસુંધરા સરકારનો બહિષ્કાર કરવામાં આવશે. 'જબ તક કાલા (કાનૂન); તબ તક તાલા'ની નીતિ અપનાવી 'રાજસ્થાન પત્રિકા'ના માલિકે આજના યુગમાં મોટી હિંમત બતાવી છે. તેમને પણ ખોળામાં બેસાડવાનો પ્રયાસ તો થયો જ હશે. ભડવીરો હજી પણ સમાજમાં છે અને ભડવીરો જ ભારે પડતા હોય છે. ગુનેગારો સામે ખટલો ચલાવવા અને તેમના વિશેના સમાચાર આપવા ગુનેગારોની જ મંજૂરી માગવાની એવો આ ખરડો છે. વડા પ્રધાન આ બાબતે હંમેશ મુજબ ચૂપ છે. શનિવારે હિમાચલ પ્રદેશમાં એક રૅલીને સંબોધતાં વડા પ્રધાને કહ્યું હતું કે કૉન્ગ્રેસે એટલાં પાપ કર્યાં છે કે દેશની જનતા એને સો વરસ સુધી માફ નહીં કરે. આપણે વડા પ્રધાનને હાથ જોડીને કહીએ કે દેશની જનતા માફ કરે કે ન કરે, મહેરબાની કરીને તમે ભ્રષ્ટાચારીઓને માફ ન કરતા. તમારી પાસે સત્તા છે અને પ૬ ઇંચની છાતી છે તો બોલો સોનિયા ગાંધીના જમાઈ રૉબર્ટ વાડ્રા સામે ક્યારે આરોપનામું દાખલ કરો છો? ક્યારે તમે તેમને જેલભેગા કરવાના છો? ગુનેગારોને સજા થાય એ જોવા દેશની જનતા આતુર છે. દેશની જનતા શું સર્વોચ્ચ અદાલત હવે તો આતુર છે. તમે સત્તામાં આવ્યા એને સાડાત્રણ વરસ થયાં છે, પણ રૉબર્ટ વાડ્રા સામેની તપાસ પૂરી થઈ? જેણે રૉબર્ટ વાડ્રાના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડ્યો હતો એ સનદી અધિકારી અશોક ખેમકાને હરિયાણાની સરકાર કૉન્ગ્રેસની સરકારની જેમ જ ટ્રાન્સફર આપી-આપીને સતાવે છે એ તમે જાણો છો? તેમને આર્કાઇવ ઍન્ડ આર્કિયોલૉજી વિભાગના રિરેક્ટર જનરલ બનાવીને ખૂણે ધકેલી દેવામાં આવ્યા છે એ વડા પ્રધાન જાણે છે? સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓ સાફસૂફી માટે શા માટે રઘવાયા થયા છે એ સમજવા માટે સ્થિતિ કેવી છે, વ્યવસ્થા કેવી નીભર છે અને શાસક વર્ગ કઈ રીતે એકસરખાં લક્ષણો ધરાવે છે અને કઈ રીતે એકબીજાને છાવરે છે એ સમજવું પડશે. નેતા બદલાવાથી વ્યવસ્થા નથી બદલાતી, વ્યવસ્થા બદલવાથી વ્યવસ્થા બદલાય છે અને એ બદલવામાં કોઈને રસ નથી.

હૅંગ થઈ ગયાં છે મન અને અંતર

શરીરની બીમારીઓનો ઈલાજ-ઉપાય કરવા માટે નિયમબદ્ધ રીતે તૈયાર રહેનારા મુંબઈવાસીઓને મનની બીમારીઓનો ઈલાજ સમયસર કરાવવો જ પડે છે એની સભાનતા નથી. આવો મુંબઈવાસી મહિનાઓના મહિના સુધી નિરાશાના અંધારા કૂવામાં રહીને જીવનને ધકેલ્યા કરે છે. માનસિક બીમારીઓમાં નિરાશા-હતાશા આવવા માટે અન્ય કારણોની જેમ જ ઈન્ટરનેટના અમર્યાદ વપરાશને કારણે મન, અંતર ને જિંદગી 'હૅંગ' થવા લાગી છે.માનસોપચારતજ્ઞ પાસે આવા અનેક દર્દીઓ આવે છે. પ્રેમભંગ, એકાકીપણું, નિષ્ફળતા, નોકરી ન મળવી, સંબંધો-દોસ્તીમાં કડવાશ, ગરીબી, સ્વજનની માંદગી કે મૃત્યુ અથવા અપમૃત્યુ વગેરે કારણોથી હતાશા-નૈરાશ્યની ખાઈમાં સપડાઈ જનારી વ્યક્તિ માનસિક આરોગ્ય માટે માનસરોગ નિષ્ણાતો પાસે આવે છે. આવી વ્યક્તિને ઈન્ટરનેટના બેફામ વપરાશથી તે નૈરાશ્યના અંધારિયા કૂવામાં પડ્યાથી માનસિક રોગોનો ઉદ્ભવ થયો હોવાનું ભાન-જ્ઞાન થતું નથી. અન્ય માનસિક કારણોને પગલે માનસરોગ તબીબની સારવાર લેનારી વ્યક્તિને ક્યારેક વળી આસપાસના લોકોની જેટલી સહાનુભૂતિ મળી રહે છે, તેનાથી અડધી સહાનુભૂતિ નૅટ ઍડિક્શન માટે ઉપચાર લેનારી વ્યક્તિને મળતી નથી!નૅટ પર દરેકને પોતાના આનંદનું, આત્માનંદ સંબંધી સાહિત્ય મળ્યા જ કરે છે. બાળકોને અને ભૂલકાઓને સુધ્ધાં સ્વાનંદ મેળવવાનું ગમતું હોય છે. વળી, વાઈફાઈ જોડાણને પગલે બાળકોને પણ ૨૪ કલાક ઈન્ટરનેટ જોવાની સુવિધા ઘરમાં જ પ્રાપ્ત થાય છે. વાઈફાઈ બંધ કરવામાં આવતું નથી, કારણ કે માતાપિતાને પણ એ જોઈતું હોય છે. અનેકવાર એવું જોવાયું છે કે, બાળકોને શાંત (ઈનઍક્ટિવ) રાખવાના ઉપાય તરીકે પણ એનો વપરાશ કરાતો હોય છે. બાળકને સંભાળતી વખતે, ખવડાવતી વખતે કે સુવડાવતી વખતે એના હાથમાં મોબાઈલ પકડાવી દેવાતાં છોકરું ચૂપ બેસે છે, ત્રાસ આપતું નથી એટલે માતાઓ પોતાને મોકળો સમય ફાળવી શકે છે!.. પણ આ જ શૉર્ટ-કટને કારણે બાળકોના 'ભેજામાં કૅમિકલ લોચા' થાય છે.સતત આનંદમાં રહેવાની ટેવ, હાલતાંચાલતાં (મૂવિંગ) ચિત્રો જોવાની ટેવ બાળકોના મનમાં ઝટપટ બધું મેળવવાની ઈચ્છાને ઊંડું સ્થાન આપે છે. ટૂંકમાં વ્યસન આપે છે. વળી, એ મળવાવનો માર્ગ પણ ઈન્ટરનેટ પર શોધવામાં આવે છે. તરુણ બાળકોમાં પૉર્ન-સાઈટ્સ સતત જોવાથી જાતીયતા તરફ જોવાનો અભિગમ નીચલા થરે જતો રહે છે. જાતીયતા એટલે વિકૃતિ અને એ આંચકી લેવાની બાબત છે એવા 'જ્ઞાન'નો એના મન પર સતત મારો થતો રહે છે. સોશિયલ નૅટવર્ક્સ પર છોકરીઓ સંબંધી સમસ્યા સદંતર નોખી છે. છોકરીઓ બૉડી ઈમેજ ઈશ્યુઝમાં સપડાઈ જતી હોય છે. એમનામાં પોતે જેવી છે એનો સ્વીકાર કરવાને બદલે વધુ સુંદર, સુડોળ અને સ્માર્ટ બનવાની ઘેલછા વધે છે. એ મળેલી લાઈક્સની સંખ્યા અને કરાયેલા શેઅર્સ ઉપર જ પોતાની ઈમેજ નક્કી કરે છે. સામાજિક પ્રતિમા-છાપ માટે કાર્ય-આચરણ-વ્યવહાર મહત્ત્વનો છે એવું આ બાળકો-યુવાનોના ભેજામાં આવતું જ નથી. વળી, એ વિશે કોઈ એમને સાવધાન પણ કરી શકતું નથી. મનમાં તરંગ આવે એ જ પળે ગમે તે બાબત પોસ્ટ કરી દેવાની તેમને સતત ઉતાવળ હોય છે. ખુદની તસવીરો ઍડિટ કરીને તેને અપલૉડ કરવામાં આવે છે. સતત અન્યો સાથે જ તુલના-સરખામણી કરવામાં આવે છે ને એમાંથી દુ:ખ, રાગ, ક્ષોભ અથવા લાગણીશીલતામાં વધારો થયા કરે છે.

બહેનો અને બહેનો શેનું આટલું ટેન્શન છે?



બધી જ સગવડો, સુવિધાઓ અને સ્વતંત્રતા વચ્ચે પણ સ્ત્રી મનથી અશાંત છે અને સતત તેને જીવન પાસેથી અસંતોષ અનુભવાઈ રહ્યો છે. શેનો અસંતોષ છે સ્ત્રીઓને? કઈ બાબત તેમને ડિપ્રેસ કરી રહી છે? આ બધા જ પ્રશ્નોના જવાબ મેળવવા વાંચો આગળ...ઘાટકોપરમાં રહેતાં એક બહેન છેલ્લા છ મહિનાથી એક સાઇકોલૉજિસ્ટ પાસે કાઉન્સેલિંગ માટે જાય છે. એ બહેનને ઘણા સમયથી પૅનિક અટૅક આવે છે. મનમાં અતિશય ગભરામણ થાય, ક્યારેક શ્વાસ લેવામાં તકલીફ પડે, ચક્કર આવે અને મગજ પર અકલ્પનીય ભાર આવી ગયો હોય એવું લાગ્યા કરે. બધા જ તેમના વિરોધી છે અને કોઈને તેમની પડી નથી. તેમણે બધા માટે આટલો ભોગ આપ્યો તો પણ પરિવારે તેમને પડતાં મૂકી દીધાં હોય એવા વિચારો ચડે ત્યારે તેમના પૅનિક અટૅક વધી જાય છે. કારણ વગર તેઓ રડતાં રહે છે. સતત ઉદાસીમાં જિવાતું જીવન નિરર્થક લાગે છે. પરિવારજનો સહિત તમામ લોકો દુશ્મન જેવા લાગે છે. જાણે જીવનમાં કંઈ રહ્યું જ નથી એમ વિચારી-વિચારીને તેઓ પોતે કેટલાં દુખી છે એનો હિસાબ લગાવતાં રહે છે. આપઘાત કરવાના અને ક્યાંક ભાગી જવાના વિચારો જ્યારે વધુપડતા જ આવવા માંડ્યા એટલે તેમણે પોતાના ફૅમિલી ડૉક્ટરની મદદ લીધી. ત્યાંથી કાઉન્સેલર પાસે તેમને મોકલવામાં આવ્યાં. હકીકત માત્ર એટલી જ હતી કે એ બહેનનાં બાળકો મોટા થઈ ગયાં છે અને તેમનાં પણ લગ્ન થઈ જવાને કારણે તેઓ પોતાની લાઇફમાં બિઝી છે. પતિને આર્થિક રીતે મદદ કરવા, બાળકોને સારું ભણતર મળે એ માટે પુષ્કળ મહેનત કરનારાં આ બહેન પાસે હવે નવરાશ છે. આર્થિક સ્થિતિ સારી છે. ફૅમિલીની એટલે પૈસાને લગતી કોઈ ચિંતા રહી નથી. ઘરમાં નોકર-ચાકર પણ છે એટલે ઘરગથ્થુ કામનો પણ બોજો ઘણો ઓછો થઈ ગયો છે. પુત્રવધૂએ ઘરની ઘણી જવાબદારી સંભાળી લીધી છે જેથી ઘરની મહત્વની બાબતોની ચિંતા પણ રહી નથી. પતિદેવ આજે પણ પોતાની દુકાને વર્ષોનાં નિયમ મુજબ જતા રહે છે. એકલાં રહેતાં બહેન પાસે ઉપયોગી-અનુપયોગી વિચારો કરવા સિવાય કંઈ બચ્યું નથી. પોતાના મિત્રવર્તુળમાં જવું તેમને ગમતું નથી અને બીજી કોઈ ઍક્ટિવિટીમાં રસ લેવાની તેમની તૈયારી નથી. આ બધાં જ કારણોસર અત્યારે સંજોગો એ આવ્યા છે કે ખોટા વિચારોએ તેમના મગજને ચક્રમ કરી નાખ્યું છે. તેમની પરિવાર પાસેની અપેક્ષાઓ પૂરી નથી થતી એનો વધારાનો ભાર તેમને શૂળની જેમ ભોંકાયા કરે છે અને અત્યારે ડિપ્રેશનની ગોળીઓ તેમણે શરૂ કરવી પડી છે. આવા અને આનાથી સહેજ જુદા પણ અઢળક કિસ્સાઓ આપણે ત્યાં જોવા મળી રહ્યા છે. જ્યાં મહિલાઓ જાતે ને જાતે અતિશય સ્ટ્રેસ લઈને ડિપ્રેસ થવાની દિશામાં આગળ વધી રહી છે. એક સાઇકોલૉજિકલ અભ્યાસ મુજબ પુરુષોની તુલનાએ મહિલાઓમાં ડિપ્રેશનનું પ્રમાણ બે ગણું વધારે છે. વૈશ્વિક સ્તરે આજે ડિપ્રેશન ત્રીજા નંબરનો રોગ છે જે લોકોનાં મૃત્યુનું કારણ છે. ડિપ્રેશન જીવલેણ નથી પણ ડિપ્રેસ વ્યક્તિ જાતે પોતાનો જીવ લઈ લે એટલી સંવેદનશીલ બની જતી હોય છે. ઍન્ગ્ઝાયટી ડિસઑર્ડર, સ્ટ્રેસને લગતી બીજી માનસિક સમસ્યાઓ અને ડિપ્રેશન જેવી ગંભીર અવસ્થા સુધી મહિલાઓને કોણ લઈ જાય છે? આજે જ્યારે વધુ ને વધુ મહિલા સ્વાતંત્ર્યનો અને સ્ત્રી સશક્તીકરણનો માહોલ ઊભો થઈ રહ્યો છે ત્યારે શું કામ મહિલાઓને અશાંત કરી મૂકે, સ્ટ્રેસ આપી દે એવી કઈ બાબતો છે. સાઇકોથેરપિસ્ટ અને કાઉન્સેલર શીતલ મહેતા સાથે આ સંદર્ભમાં થયેલી વાતચીતમાંથી આ દિશામાં વધુ ઊંડા ઊતરવાની કોશિશ કરીએ.આજની સ્ત્રીઓનું એક્સપેક્ટેશન લેવલ ખૂબ ઊંચું ને ઊંચું જઈ રહ્યું છે. શીતલ મહેતા કહે છે, 'જ્યારે તમારી અપેક્ષાઓ રિયલ ન હોય, અવાસ્તવિક હોય ત્યારે સ્વાભાવિક રીતે એ પૂરી ન થાય. અધૂરી રહેલી અપેક્ષાઓને કારણે અસંતોષ જન્મે અને અસંતોષને સ્વીકારી નહીં શકવાની બાબત ઍન્ગ્ઝાયટી જન્માવે. આજે સ્ત્રીઓ સાથે એ જ થઈ રહ્યું છે. મારી પાસે જે ક્લાયન્ટ આવે છે એમાંથી પુરુષો કરતાં મહિલા પેશન્ટને હૅન્ડલ કરવા તેમને સાચી દિશામાં વાળવા અમારા માટે અઘરું થઈ રહ્યું છે. તેમના મોઢે અસંખ્ય ફરિયાદો જ ફરિયાદો હોય છે. મારી સાથે આ સારું નથી થતું, પેલો મારી સાથે બરાબર નથી બોલતો, મારા વરને કંઈ મારી પડી નથી. થોકબંધ ફરિયાદો સાંભળીને જ્યારે તમે એક પછી એક ફરિયાદોને ઍનેલાઇઝ કરતા જાઓ તો સમજાય કે તેમણે કરેલી ટોટલ ફરિયાદોમાંથી માત્ર ૧૫ કે ૨૦ ટકા ફરિયાદોમાં જ કોઈ વજૂદ હોય છે, બાકી તો તેમની વધુપડતી અપેક્ષાઓ અને અસંતોષનો પડઘો છે. ઈર્ષ્યા અને કમ્પૅરિઝન પણ સ્ત્રીઓમાં વધતી ફરિયાદો પાછળનું એક બહુ મહત્વપૂર્ણ કારણ છે. તમે સતત તમારી જાતને બીજા સાથે જો કમ્પૅર કરતા રહો તો તમે ક્યારેય ખુશ રહી નથી શકવાના એ કૉમન સેન્સ છે. સગા બે ભાઈઓની લાઇફ સરખી નથી હોતી તો બે જુદી વ્યક્તિની લાઇફ કેવી રીતે હોઈ શકે છે. આપણે જે વિચારીએ એ ન થાય તો આપણને દુખ થાય, તકલીફ થાય.'કેટલાંક રિસર્ચ મુજબ મહિલાઓના જીવનકાળમાં હૉર્મોનલ ઈમ્બૅલેન્સ થવાના અનેક પ્રસંગો બને છે. પ્રેગ્નન્સી, પિરિયડ્સ અને મેનોપૉઝ દરમ્યાન મોટા પાયે હૉર્મોન્સમાં અસંતુલન ઊભું થવાને કારણે ઈમોશનલ ઈમ્બૅલેન્સ મહિલાઓ અનુભવતી હોય છે. મૂડ-સ્વિંગ્સ, લાગણીઓમાં ઉતાર-ચડાવ અને અતિસંવેદનશીલ થઈને પરિસ્થિતિઓને મૂલવવાનું પણ આ જ કારણે બનતું હોય છે.

તંત્રી સ્થાનેથી...

ઈવીએમ પર પ્રશ્નો

જરૂર જ્યારે ઓપરેશનની હોય છે ત્યારે માત્ર પાટા બાંધવાથી કોઇ કિંમતે કામ ચાલતુ નથી. છતાં સરકાર ઓપરેશનથી બચવા માટે હમેંશા નવા નવા પ્રયોગ કરતી રહે છે. ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનને લઈને થઈ રહેલા પ્રશ્નો પણ આવા જ છે. આ જીન પણ સતત ધુણે છે. આ ભુત વારંવાર બોટલમાંથી બહાર આવી જાય છે અને થોડાક સમય સુધી હોબાળો મચાવે છે. લોકસભાની ચૂંટણી માટે મતદાનની પ્રક્રિયા શરૂ થતા પહેલા દિલ્હી યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘની ચૂંટણી યોજાઈ હતી. ચૂટણી બાદ જે રીતે મતગણતરી થઈ તેના કારણે તમામ લોકો હેરાન થઈ ગયા હતા. ૬૦ હજાર મતોની ગણતરી કરવામાં ૧૪ કલાકનો સમય લાગી ગયો હતો. બે ત્રણ વખત મશીનમાં ખામી સર્જાઈ ગઈ હતી. જેના કારણે સમગ્ર પ્રક્રિયાને રોકી દેવાની પણ ફરજ પડી હતી. ભારે ધાંધલ ધમાલ અને હોબાળાની વચ્ચે આ ચૂંટણી યોજાઈ હતી. વિવાદો વચ્ચે પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ મતગણતરીની પ્રક્રિયાને લઈને પણ પ્રશ્નો થવા લાગી ગયા હતા. હવે જે પ્રશ્નો ઉભા થયા છે તે પ્રશ્નનો જવાબ દરેક વ્યક્તિ જાણવા માટે ઈચ્છુક છે. કોંગ્રેસે ઈવીએમ સાથે ચેડા કરવાના આરોપ લગાવીને ચૂટણી નવેસરથી કરવાની માંગ કરી હતી. ખાસ બાબત એ છે કે ચૂંટણી પંચે ઈવીએમ મશીનોને લઈને પોતાને દુર કરી લીધા છે. ચૂંટણી પંચે કહ્યુ છે કે ચૂંટણી માટે તેમના દ્વારા મશીન આપવામાં આવ્યા ન હતા. સવાલમાંથી જ અન્ય એક સવાલ પણ નિકળે છે. દિલ્હી યુનિવર્સિટીને આ મશીનો ક્યાંથી મળી હતી. આ મશીનોની પ્રમાણિકતા કોના દ્વારા નક્કી કરવામાં આવી હતી. પારદર્શકતા લાવવા માટે વીવીપેટનો ઉપયોગ કેમ કરવામાં આવ્યો ન હતો. ચૂંટણી લોકસભાની હોય કે પછ રાજ્ય વિધાનસભાની હોય કે પછી વિદ્યાર્થીઓની ચૂંટણી હોય પ્રક્રિયા તમામમાં એક સમાન હોય છે. નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણીનો મુખ્ય હેતુ રહે તે જરૂરી છે. લોકશાહીનો અર્થ માત્ર ચૂંટણી યોજવા સાથે સંબંધિત બાબત નથી. ચૂંટણીની પારદર્શકતા સામે ઉઠનાર દરેક પ્રશ્નોનો જવાબ પણ લોકોને મળે તે જરૂરી છે. દિલ્હી યુનિવર્સિટીને આ બાબત દર્શાવવી જોઈએ કે તેના દ્વારા આ મશીનો ક્યાંથી મંગાવવામાં આવી હતી. જવાબ આ બાબતનો પણ મળવો જોઈએઅ કે ઈવીએમમાં એક હોદ્દા માટે દસમાં નંબરે રહેલા બટન પર ૪૦ વોટ કઈ રીતે પડી ગયા હતા. જ્યારે નોટા સહિત કુલ નવ જ ઉમેદવાર મેદાનમાં રહ્યા હતા. ગંભીર બાબત એ છે કે ચૂંટણી પંચે જો મશીનો આપી ન હતી તો બીજી મશીનો પર વિશ્વાસ કઈ રીતે કરી શકાય છે. જ્યારે ભાજપના સમર્થિત ઉમેદવારો આગળ ચાલી રહ્યા હતા ત્યારે મશીનો યોગ્ય રીતે કામ કરી રહી હતી અને જ્યારે પાછળ થયા ત્યારે મશીનો ખરાબ થઈ ગઈ હતી અને તેમાં ટેકનિકલ ખામી સર્જાઈ ગઈ હતી. મામલો જેટલો ગંભીર છે તપાસ પણ એટલી જ ગંભીર રીતે થાય તે જરૂરી છે. ભવિષ્યમાં ફરી ચેડા ન થઈ શકે તે માટે પગલા લેવાની જરૂર ચોક્કસપણે દેખાઈ રહી છે. લોકશાહીમાં તમામ બાબતો પારદર્શક રહે તેના પર ઉચ્ચ સ્તરે કામ થાય તે પણ સમયની માંગ છે.

લોકશાહીનો અર્થ માત્ર ચૂંટણી થવા સુધી જ મર્યાદિત નથી : જવાબ મળવા જોઈએ

કોંગી જીત માટે લડી રહી નથી



કોંગ્રેસ પાર્ટી આ વખતે પોતાની જીત માટે તો લડી રહી નથી બલ્કે નરેન્દ્ર મોદીને કોઇ કિંમતે તેમને હરાવવા માટે લડી રહી છે. બીજી બાજુ મોદી તો પોતાની, પોતાની પાર્ટીની અને પોતાના દેશની જીત માટે લડી રહ્યા છે. એકબાજુ કોંગ્રેસને માત્રને માત્ર પોતાની ખુરશી દેખાઇ રહી છે. મોદીનો ઉદ્ધેશ્ય સ્પષ્ટ છે. તેમનો ઇરાદો ભારતને દુનિયામાં નંબર વનના સ્થાન પર પહોંચાડી દેવા માટેનો છે. તમામ લોકો આ બાબતને જાણતા નથી કે જ્યારે મોદી વારાણસી મતવિસ્તારમાંથી તેમનુ નામાંકન કરી રહ્યા હતા ત્યારે ચીન પાસેથી પણ એક મોટા સમાચાર આવ્યા હતા. આ બાબત જાણીને તમામ લોકોને ગર્વ થશે કે ચીને પ્રથમ વખત ભારતના નકશામાં અરૂણાચલ પ્રદેશ અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરને દર્શાવીને આ બાબત સ્વીકાર કરી છે. આજથી પાંચ વર્ષ પહેલા સુધી અમે ભારતની સામે ચીન ઝુંકશે તે બાબત સ્વીકારવા માટે કોઇ કારણ ન હતુ. તેઓ ભારતની એવી પ્રજાનો આભાર માનવા માંગે છે કે જે રાષ્ટ્રને સર્વોપરિ ગણીને પ્રિયંકા વાઢેરાને વારાણસીમાંથી ભાગી જવા ફરજ પાડી છે. સાથે સાથે તેઓ તમામ મતદારોને કહેવા માગે છે કે તેઓ શુ ઇચ્છે છે. તે એવા ભારતને જોવલા માંગે છે જે હાલમાં શ્રીલંકામાં થયુ છે. ચીન અને પાકિસ્તાન સહિત સમગ્ર દુનિયા ભારતની સામે ઝુંકે તેવા ભારતના નિર્માણમાં લોકો આગળ આવવા ઇચ્છે કે કે કેમ . જાણકાર લોકો કહે છે કે જો કોઇ વ્યક્તિએ પોતાનુ અને પોતાના દેશના ભાવિના ગળાને દબાવવા માટે ઇચ્છુક છે તો જ વિપક્ષ અથવા તો નોટાના મત આપવો જોઇઉએ. કારણ ક દેશને મહાશક્તિ બનાવવાની દિશામાં હાલમાં કામ થઇ રહ્યુ છે.

લોકસભા ચૂંટણી : વારાણસીમાં કોંગ્રેસે પહેલાથી જ હાર સ્વીકારી

પ્રિયંકા વારાણસીમાં કેમ ન ઉતર્યા ?

છેલ્લી લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની નૌકા ડુબી ગઇ હતી. આ વખતે એવુ લાગી રહ્યુ છે કે તેની હાલત પહેલા કરતા કોઇ વધારે સારી દેખાઇ રહી નથી.રાહુલ ગાંધીને વારંવાર નિષ્ફળતા મળ્યા બાદ અને હાલની ત્રણ રાજ્યોમાં કોંગ્રેસને સફળતા મળ્યા બાદ ખુબ ધુમધામથી પ્રિયંકા વાઢેરાને ઉત્તરપ્રદેશ કોંગ્રેસના મહાસચિવ બનાવી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ કોંગ્રેસના કાર્યકરોએ પોતાના નેતા રાહુલ ગાંધીને આસમાન પર ઉઠાવી લીધા હતા. એમ માનવામાં આવી રહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટી આ વખતે પ્રિયંકા તરીકે તેના માસ્ટર સ્ટ્રોકને રમનાર છે. જો કે પ્રિયંકા ગાંધીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સામે ચૂંટણી મેદાનમાં ન ઉતારીને કોંગ્રેસ લીડરશીપે કાર્યકરોને નિરાશ કર્યા છે.ય મોટા નાના બનાવવામાં આવ્યા હતા જેમ કે પ્રિયંકા વાઢેરા કોઇ આંધી છે. પરંતુ હવે જ્યારે ચૂંટણી નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઇ છે ત્યારે કોંગ્રેસે પીછેહટ કરી લીધી છે. હવે એમ લાગે છે કે પ્રિયંકા આવ્યા તો આંધીની જેમ હતા પરંતુ ગયા છે કે ખુબ નબળી રીતે. પ્રિયંકા વાઢેરાએ વારંવાર પ્રજાની વચ્ચે પ્રશ્ન કર્યો હતો કે વારાણસીમાંથી તેઓ ચૂંટણી મેદાનમાં ઉતરે કે કેમ ? ચોક્કસપણે તેઓ એમ કહીને મિડિયામાં છવાઇ ગયા હતા. એક વખતે તો પ્રિયંકાએ અહીં સુધી કહી દીધુ હતુ કે જો રાહુલ કહેશે તો તેઓ ચૂંટણી મેદાનમાં મોદી સામે ઉતરશે. પરંતુ જ્યારે મોદી વારાણસીમાંથી ઉમેદવારી કરવા માટે વારાણસીમાં પહોંચ્યા અને નામાંકન પહેલા એક દિવસ પૂર્વે રોડ શો કરીને તેમની તાકાત દર્શાવી ત્યારે કોંગ્રેસે ગુલાંટ મારી દીધી હતી. કોંગ્રેસે મોદી વારાણસીમાં પહોંચ્યા ત્યારે બેલુનની હવા કાઢી નાંખી હતી. કોંગ્રેસે ફરી જાહેરાત કરી દીધી



મોદીની વારાણસીમાં એન્ટ્રી, રોડ શો અને લોકપ્રિયતા વચ્ચે કોંગ્રેસ પાર્ટી દ્વારા પીછેહટ કરાઇ : પ્રિયંકાને મેદાનમાં ન ઉતારતા કોંગીમાં નિરાશા

કે તેમની પાર્ટી તરફથી અજય રાય ચૂંટણી મેદાનમાં રહેશે. આ એ જ અજય રાય છે જેમની છેલ્લી ચૂંટણીમાં કારમી હાર થઇ હતી. તેઓ ત્રીજા સ્થાને રહ્યા હતા. છેલ્લી ચૂંટણીમાં અજય રાયને ૭૦ હજાર મત મળ્યા હતા. આવી રીતે મોદીની સામે કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી પહેલા જ હાર સ્વીકારી લીધી છે. કેટલાક લોકો એમ પણ માની રહ્યા છે કે પ્રિયંકા વાઢેરાને ચૂંટણીમાંથી ખસી જવાની ફરજ પડી છે. કારણ કે મેદાનમાં ઉતર્યા હોત તો તેમને તેમના પતિ રોબર્ટ વાઢેરાની સંપત્તિની પણ જાહેરાત કરવાની ફરજ પડી હતો. સાથે સાથે કોંગ્રેસ પાર્ટી શરૂઆતથી જાણતી હતી કે મોદી સામે ચૂંટણી મેદાનમાં ઉતરવાનો અર્થ શરમજનક અને કારમી હાર છે. કાણ જે કઇ પણ હોય પરંતુ કોંગ્રેસની નિષ્ફળતા આને કહી શકાય છે. કોંગ્રેસે બ્લોઅરની બનાવટી હવા ભરવાના પ્રયાસ કર્યા હતા. જો પ્રિયંકા મેદાનમાં ઉતરવા માટે તૈયાર ન હતા તો ખાલી અફવા કેમ ફેલાવવામાં આવી હતી. હવે જ્યારે તેના જુઠ્ઠાણાની પોલ ખુલી ગઇ છે ત્યારે કોંગ્રેસ પાર્ટી શુ કરશે. મોદીના રોડ શો દરમિયાન ધર્મ અને જાતિના ભેદ ભુલાવીને તમામ લોકો માર્ગો પર આવી ગયા હતા. સમગ્ર વારાણસી ભગવામય નજરે પડ્યા બાદ કોંગ્રેસ પાર્ટી વધારે મુશ્કેલી અનુભવી રહી છે. મોદીનુ એટલુ સ્વાગત અગાઉ ક્યારેય થયુ ન હતુ અમે પહેલાથી જ કહી રહ્યા હતા કે ક્યા પડ્યા છો ચક્કરમાં કોઇ નહીં ટક્કરમાં. જો કે એ વખતે કોંગ્રેસી નેતા સાંભળવા માટે તૈયાર ન હતા. આ વખતે કોંગ્રેસ પાર્ટીની હાલત હજુ સુધારાવાળી થઇ નથી. કારણ કે છેલ્લી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ મોદી લહેર વચ્ચે મોટા ભાગી બેઠકો પર સપાટો બોલાવ્યો હતો. ૭૨ સીટ જીતી લીધી હતી. આ વખતે બહુજ સમાજવાદી પાર્ટી અને સમાજવાદી પાર્ટી એક સાથે છે. કોંગ્રેસ અલગ રીતે છે. જેથી લાગે છે કે કોંગ્રેસની હાલત વધારે ખરાબ થઇ શકે છે. કોંગ્રેસ પાર્ટીએ તમામ સીટો પર પોતાના ઉમેદવારને મેદાનમાં ઉતારી દીધા છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને પ્રિયંકા વાઢેરા સહિતના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ આક્રમક પ્રચાર પણ કરી રહ્યા છે. જેથી પાર્ટીની હાલત અગાઉની સરખામણીમાં સુધારો થઇ શકે છે. જો કે તેને વધારે ફાયદો મોટી પાર્ટીની હાજરીમાં ન મળે તેવી શક્યતા છ. સમગ્ર દેશની નજર ઉત્તરપ્રદેશ પર કેન્દ્રિત થયેલી છે.

રાજનેતાઓના આદર્શવાદી દાવા છતાં સામાન્ય લોકોનો સ્પષ્ટ મત

રાજનેતા લોકોને ગેરમાર્ગે દોરે છે

આપણા સમાજમાં આજે પણ છૂટાછેડાને બહુ માનભરી નજરે નથી જોવામાં આવતા એ હકીકત છે. વિવાદે ચડેલાં પતિપત્નીને તો જોકે આનાથી કોઈ ફરક પણ નથી પડતો, પણ સમજણાં સંતાનો માટે આ અવસ્થા સમાજના બદલાયેલા દૃષ્ટિકોણને કારણે આકરી હોય છે. પોતાના અનુભવને આધારે એક કેસ-સ્ટડી વિશે વાત કરતાં કૉગ્નિટિવ ન્યુરો સાઇકોલૉજિસ્ટ પ્રાંજલિ પ્રધાન કહે છે, ‘હું સ્કૂલના ફિફ્થ-સિક્સ્થના સ્ટુન્ડન્ટસનું કાઉન્સેલિંગ કરતી હતી. એ સમયે એક છોકરો બધાથી અતડો રહે અને કોઈની સાથે વાત ન કરે એ મેં જોયું. ભણવામાં પણ તે અતિશય સ્લો હતો. અટેન્શન ડેફિસિટ હતું એટલે કે એકાગ્રતા સાથે કંઈ જ કરી ન શકે. ધીમે-ધીમે ઊંડાણમાં ઊતરતાં સમજાયું કે ૧૨ વર્ષના આ છોકરાના પેરન્ટ્સ ડિવૉર્સ લઈ રહ્યા હતા. તેની મમ્મીએ તેની જ સ્કૂલમાં ભણતા તેના ફ્રેન્ડની મમ્મીને આ વાત કહી હતી. એ લોકોની મૂર્ખામીને કારણે વાત વધુ લોકો સુધી પહોંચી અને એ છોકરાની સાથે ભણતા ક્લાસમેટને પણ તેના પેરન્ટ્સ વિશે ખબર પડી. બધા તેને ચીડવવા લાગ્યા. કેટલાક મોટા લોકો પણ અને તેની એક્સટેન્ડેડ ફૅમિલી પણ તેને સહાનુભૂતિથી અથવા તો ઇરિટેશનની નજરેથી જોવા લાગ્યા. બાળકના માનસ પર આ બધા જ બિહેવિયરની અસર થઈ રહી હતી. ધીમે-ધીમે તે બધાથી જુદો પડવા માંડ્યો અને એકલો-એકલો રહેવા લાગ્યો. અહીં એ બાળક ડિપ્રેશનમાં છે એવું તો ન કહેવાય, પરંતુ તે સમાજ માટે અને લગ્નજીવન માટે ઘૃણાની નજરે તો જોવા જ માંડ્યો હતો. તેને બધા જ મૅરિડ લોકો માટે નફરત થઈ રહી હતી. તેને ગુસ્સો આવતો હતો, પોતાનાં મમ્મી-ડૅડી ગંદાં છે એ લાગણી તેના મનમાં સ્ટ્રૉન્ગ થતી જતી હતી.’

નિષ્ણાતોના મતે છૂટાછેડા તરફ આગળ વધી રહેલા પેરન્ટ્સનાં સંતાનોમાં બે અંતિમ બિહેવિયર જોવા મળી શકતાં હોય છે. કાં તો તેઓ લગ્નના નામથી દૂર ભાગે કાં તો નાની ઉંમરમાં અફેર કરે. પ્રાંજલિ કહે છે, ‘નાનપણમાં પેરન્ટ્સ વચ્ચેના ઝઘડા અને સતત તિરસ્કારના વાતાવરણમાં ઉછરેલાં બાળકોમાં પ્રેમની જરૂરિયાત અતિશય હોય છે. તેમને અટેન્શન જોઈતું હોય છે, જે પૂરતા પ્રમાણમાં તેમને પોતાના બન્ને પેરન્ટ્સ પાસેથી નથી મળ્યું. એટલે જ નાની ઉંમરમાં કોઈકના પ્રેમમાં પડવું, કોઈકના સહેજ અટેન્શન માટે પોતાનું બધું જ સમર્પિત કરી દેવું જેવા કિસ્સાઓ બનતા હોય છે. તેમને ચારેય બાજુથી અટેન્શન જોઈતું હોય છે એટલે એ માટે તેઓ ન કરવાનાં કામો પણ કરતાં ખચકાતા નથી હોતા. જેમ સાવ એકલવાયા થવું જોખમી છે એમ વધુપડતા મળતાવડા થઈને કોઈના પર પણ ભરોસો મૂકીને આગળ વધવું એ પણ જોખમી જ છે. આ પ્રકારના માહોલમાં રહેતાં બાળકો રસ્તો ભટકી જાય, ભોળવાઈ જાય અથવા તો કોઈના રવાડે ચડીને પોતાને બરબાદ કરી શકે એ ખૂબ ઈઝી છે.’

બાયોલોજિકલ બદલાવ

જાણીતા સાઇકિયાટ્રિસ્ટ ડૉ. અશિત શેઠના મતે પેરન્ટ્સને છૂટાછેડા માત્ર બાળકના સોશ્યલ બિહેવિયરને જ કે તેની ભવિષ્યની રિલેશનશિપને અફેક્ટ કરે છે એવું નથી, પણ તેમના બ્રેઇનની બાયોલૉજિકલ સ્થિતિ પર પણ એની ઊંડી અસર પડે છે. તેઓ કહે છે, ‘ડિસ્ટર્બ્ડ ચાઇલ્ડહુડ હોય અથવા તો બાળપણમાં સતત પેરન્ટ્સ વચ્ચેના ઝઘડાનો ભોગ બનતા રહેવું પડ્યું હોય એવાં બાળકોના બ્રેઇનના સ્કૅન નૉર્મલ નથી હોતા. તેમના બ્રેઇનના ઇમોશનલ જનરેટિંગ એરિયામાં જોઈ શકાય એવા ફેરફાર આવતા હોય છે. મોટા ભાગે બાળપણના અનુભવો અને ઇમોશનની બ્રેઇન પર વધુ ઊંડી અસર પડતી હોય અને એ લાંબો સમય સુધી રહેતી પણ હોય છે. એનું મુખ્ય કારણ નાની ઉંમરમાં બ્રેઇનનું ડેવલપમેન્ટ સતત ચાલુ છે. એ ચાલુ પ્રોસેસમાં તમે એને જે આપ્યું છે એ તો એની સાથે જ જોડાતું જવાનું ને. ટૂંકમાં કહું તો મા-બાપની તમામ હરકતો બાળકોના બ્રેઇનની નૉર્મલનેસને હણવા માટે અને કાયમ માટે એની અસર છોડવા માટે પૂરતી છે. સારી રીતે અને પૉઝિટિવ રીતે રહેશો તો એ પણ અને ઇમોશનલ ટ્રૉમા આપતા રહેશો તો એ પણ.’ ડૉ. અશિત શેઠની દૃષ્ટિએ કોઈ પણ બાયોલૉજિકલ ટ્રીટમેન્ટ કરીને પણ ફૅમિલી વિખવાદને કારણે બ્રેઇનમાં જે એબ્નૉર્માલિટી ઊભી થઈ છે એને દૂર કરી શકાતી નથી. એના માટે કોઈ ગોળી, કોઈ ઇન્જેક્શન, કોઈ સર્જરી નથી. આ બાબત કાયમ તમારી સાથે રહેશે. બિહેવિયર થેરપીથી તમે એની અસરને થોડોક સમય માટે હળવી કરી શકો, ઓછી કરી શકો; પણ એને મૂળમાંથી કાઢી નાખવું તો જરાય શક્ય નથી. આ ઉપરાંત માત્ર મા-બાપની બીમારીઓ જ નહીં; તેમનો સ્વભાવ, તેમની વિચારવાની પૅટર્ન પણ વારસાગત બાળકમાં આવતી હોય છે. એટલે જ આ બધી જ બાબતોમાં મા-બાપ અતિશય અલર્ટ રહે એ જરૂરી છે.

આટલું ધ્યાન રાખવું પડશે ખાસ

તમારી વચ્ચેના મતભેદમાં બાળકને ફુટબૉલની જેમ કે મેસેન્જરની જેમ ક્યારેય ટ્રીટ નહીં કરતા. તમારા મેસેજ પહોંચાડવા માટે બાળકનો ઉપયોગ કરો એ યોગ્ય નથી. એકબીજાને ક્રિટિસાઇઝ કરવાનું, આક્ષેપો મૂકવાનું કે એકબીજાની નબળાઈઓને બાળકની સામે કોસીને તેના મનમાં નફરતનું ઝેર નાનપણથી ભરવાનું યોગ્ય નથી. બાળક મોટું થશે અને જાતે સમજણું થયા પછી કોઈ નિર્ણય પર પહોંચે કે કોઈ સ્ટૅન્ડ પર પહોંચે એ સમય સુધીની રાહ જોવાની તૈયારી તમારે રાખવી પડશે. પતિ-પત્ની તરીકે તમે જુદાં રહો છો તો પણ બાળક ઇચ્છતું હોય તો તેના પિતાને મળી શકે કે માતા પાસે રહેવા જઈ શકે એટલી છૂટ તટસ્થ રહીને તમારે આપવી પડશે. તમે બન્ને તેને ભરપૂર પ્રેમ કરો છો અને હંમેશ બધી જ પરિસ્થિતિમાં તેની સાથે છો એ વિશ્વાસ તેનામાં જગાડવો જરૂરી છે. નિષ્ણાતોના મતે ઘણીબધી વાર આ ઘટનામાં બાળક પોતાને ગિલ્ટી સમજતું હોય છે. પોતાના કારણે પણ ક્યારેક ઝઘડા થયા હોય તો એ વાતને પકડીને બાળક ગિલ્ટમાં રહેવાથી ન ભરવાનાં પગલાં પણ ભરી બેસતું હોય છે. આવા સમયે તેની કોઈ જ ભૂલ નથી અને તે ગુડ બૉય કે ગુડ ગર્લ છે એવો આત્મવિશ્વાસ બાળકમાં જગાડવો અતિશય જરૂરી છે. આપસમાં નહીં બનતું હોવાથી તમે જુદાં રહો છો અને એનો અર્થ એવો જરાય નથી કે પેરન્ટ્સ તરીકે તેઓ જુદા પડી ગયા છે એ વાત તમારે સમજવી પડશે અને બાળકને પણ તેની ભાષામાં સમજાવવી પડશે.

શું વધુ હેલ્ધી? રાઇસ કે રોટી?

વધુપડતું વજન ધરાવતા કે પછીલાઇફસ્ટાઇલ ડિસીઝના તમામ દરદીઓએ આ બે ચીજોનું સેવન કરતી વખતે કેટલીક કાળજીઓ રાખવી જરૂરી છે



રોટલી, દાળ, ભાત અને શાક. આ છે ગુજરાતીઓનું રોજિંદું મેનુ. ભારતનાં વિવિધ રાજ્યોની સંસ્કૃતિ જોઈશું તો દરેક રાજ્યની ખાણી-પીણીમાં પણ ચોખા અને ઘઉંનું પ્રાધાન્ય છે. આજકાલ વજન ઉતારવા માટે કે કોઈ ખાસ રોગ માટે ડાયટ શરૂ કરો તો ડાયટિશ્યનો સૌથી પહેલી સલાહ આપે છે કે તમારા મેનુમાં એકસાથે રાઇસ-રોટી નહીં લેવાનાં. મતલબ કે જો તમારા એક વખતના મેનુમાં રોટલી, ભાખરી, પરાઠા કે થેપલાંનો સમાવેશ થતો હોય તો ભાત, ખીચડી, પુલાવ કે બિરયાની ન લેવાં. આવું કેમ?

‘મેં તો રાઇસ સાવ જ છોડી દીધા છે. ભઈ, વજનનું ધ્યાન રાખવું પડેને?’

‘હું બપોરે રાઇસ ખાઉં તો-તો ઊંઘ જ આવી જાય.’

આજના વેઇટ-કૉન્શ્યસ યંગસ્ટર્સ રાઇસને દુશ્મન માનવા લાગ્યા છે. બે ચમચી ભાત ખાઈ લે તો તેમને કેટલુંય ગિલ્ટ ફીલ થવા લાગે. શું ખરેખર રાઇસ એટલા જોખમી છે? રોટલી કે રાઇસ એ બેમાંથી શું વધુ સારું?

એમાંય હવે જે નવી વિચારધારા વિકસી રહી છે કે રોટલી અને રાઇસ એકસાથે ન ખાવાં જોઈએ એમાં ખરેખર કેટલું તથ્ય છે? આવો જોઈએ આ સવાલોના જવાબ.

રાઇસ સારા કે રોટલી?

રાઇસ અથવા રોટલી એટલે કે ચોખા અથવા ઘઉં એ માત્ર ભારતના જ નહીં, જગતના મોટા ભાગના લોકોનો સ્ટેપલ ડાયટ છે. આ બેમાંથી હેલ્થની દૃષ્ટિએ શું વધુ સારું એવું નક્કી કરવાનું હોય ત્યારે એમાં કયા પ્રકારનું ધાન્ય વપરાયું છે એ બહુ મહત્વનું થઈ જાય છે. ઘણા લોકો ફરિયાદ કરે છે કે ચોખા ખાવાથી વજન વધે છે, પણ એનું કારણ એ છે કે હવે પૉલિશ્ડ અને વાઇટ ચોખા ખવાય છે. આ ચોખા પરનું ઉપરનું આવરણ ઘસાઈ જવાને કારણે એમાંથી ફાઇબરનો ભાગ ઘણે અંશે દૂર થઈ ગયો હોય છે. ચોખાને પૉલિશ કરવાની પ્રક્રિયા દરમ્યાન એમાંથી અનેક વિટામિન્સ અને મિનરલ્સનો પણ નાશ થઈ જાય છે. રાઇસ હેલ્ધી ત્યારે બને જ્યારે બ્રાઉન, અનપૉલિશ્ડ રાઇસ ખાવામાં આવે.

રોટી એટલે કે ઘઉંની પ્રોડક્ટ્સની વાત કરીએ તો એમાં ફાઇબર વધુ સારું હોય છે. એમાં પ્રોટીન હોય છે. આયર્ન, કૅલ્શિયમ, સેલેનિયમ, પોટૅશિયમ અને મૅગ્નેશિયમ જેવાં મિનરલ્સ એમાં હોય છે. એ રીતે જોતાં ઘઉંની રોટલી રાઇસની સરખામણીએ હેલ્ધી કહેવાય. અહીં એક ટ્વિસ્ટ છે. જે ફાઇબર માટે તમે રોટલીને હેલ્ધી માનો છો એ ફાઇબર લોટમાંથી કાઢી નાખવામાં ન આવ્યું હોય એ જરૂરી છે. જ્યારે તમે હોટેલમાં જમવા બેસો ત્યારે મોટા ભાગે ત્યાં મેંદાની જ રોટલી બનતી હોય છે. આ રોટલી હેલ્ધી ન હોઈ શકે. તૈયાર ઘઉંનો લોટ લાવવામાં આવે ત્યારે એમાં પણ ઘઉં ઓછા અને મેંદો વધુ હોય છે. ઘઉંને બારીક દળવાને બદલે એનો કરકરો લોટ બનાવીને એ વાપરવામાં આવે તો એ હેલ્ધી ઑપ્શન છે.

બન્ને સાથે ખવાય?

અત્યાર સુધી આપણે આખા ભાણામાં રોટલી અને ભાત સાથે ખાતા આવ્યા છીએ, પરંતુ હવે નવી ડાયટ-ગાઇડ મુજબ મોટા ભાગના નિષ્ણાતો એક જ ભોજનમાં રાઇસ અને રોટલીનો સાથે સમાવેશ ન કરવો જોઈએ એવું માનવા લાગ્યા છે. ડાયાબિટીઝ, ઓબેસિટી અને કૉલેસ્ટરોલના દરદીઓને રોટલી અને ભાત એક જ ટાઇમે ખાવાની ના પાડવામાં આવે છે. આવું માનવા પાછળ ઘણાં પરિબળો કારણભૂત છે અને એ વિશે ઊંડા અભ્યાસો પણ ચાલી રહ્યા છે. લંડનની કિંગ્સ કૉલેજ, લંડનના ન્યુટ્રિશનિસ્ટોની ટીમનું કહેવું છે કે ચોખાનો ગ્લાયસેમિક ઇન્ડેક્સ બહુ ઊંચો છે અને ઘઉંમાંથી બનેલી રોટલીમાં ફાઇબર બહુ નથી હોતું એ પણ બહુ ઝડપથી પચે છે. ઘઉં અને ચોખા બન્નેમાં સિમ્પલ કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ વધુ હોવાથી અને બહુ ઝડપથી શુગરમાં રૂપાંતર થતું હોવાથી એ બહુ ઝડપથી જઠરમાંથી આંતરડાંમાં પહોંચી જાય છે. ત્યાં એ ફર્મેન્ટ થાય છે જેને કારણે પેટમાં ગૅસ અને આફરો ચડ્યો હોય એવું લાગી શકે છે. બે ધાન્યોની પાચનક્રિયા ઘણી જ અલગ હોવાથી ઘઉં અને ચોખા ખાવા વચ્ચે બે કલાકનો ગાળો રાખવો જોઈએ એવું બ્રિટિશ સાયન્ટિસ્ટોનું કહેવું છે.

કેમ ન ખવાય?

ભાત અને રોટલી એક જ મીલમાં ન ખાવાં જોઈએ એવું માનતાં ખારમાં પ્રૅક્ટિસ કરતાં ડાયટિશ્યન નેહા ચંદના કહે છે, ‘ઘઉં અને ચોખા બન્નેને પચાવવા માટે અલગ-અલગ એન્ઝાઇમ્સની જરૂર પડે છે. એક ધાન્યને પચાવવા માટે જરૂરી એન્ઝાઇમની હાજરી હોય ત્યારે બીજા ધાન્યને પચાવવામાં અડચણો આવી શકે છે. એનાથી બન્ને ધાન્યોમાંથી પૂરતું પોષણ શરીરમાં શોષાઈ શકતું નથી. તમે રાઇસ ખાઓ કે રોટલી ખાઓ, એક મીલમાં બેમાંથી કોઈ એક જ ચીજ ખાવી - રાઇસ અથવા રોટલી. બન્ને સાથે લેવાથી પેટ ભારે લાગે, ગૅસ-આફરા જેવું ફીલ થાય. બન્ને ચીજો ખાવા છતાં શરીરને પૂરતાં પોષક તત્વો નથી મળતાં. માટે જ એક મીલમાં ૩૦ ગ્રામ ચોખાના ભાત લઈ શકાય કાં પછી એક કે બે રોટલી લઈ શકાય. બીજું, આ બન્નેમાં સિમ્પલ કાર્બોહાઇડ્રેટ હોય છે એટલે એને પચાવવા માટે સાથે પૂરતી માત્રામાં ફાઇબર હોય એ જરૂરી છે.’

કેમ ખવાય?

ભાત અને રોટલી સાથે ખાવામાં કોઈ જ વાંધો ન હોવો જોઈએ એવું માનનારા લોકોની સંખ્યા પણ કંઈ ઓછી નથી. કૅલરી વધી ન જાય અથવા તો લોહીમાં અચાનક શુગરનું પ્રમાણ વધી ન જાય એ માટે બન્ને ચીજો સાથે ફાઇબરનો પુષ્કળ ઉપયોગ કરવો જોઈએ. ઓબેસિટી અને લાઇફ-સ્ટાઇલ ડિસીઝ કન્સલ્ટન્ટ નૈની સેતલવાડ કહે છે, ‘રાઇસ અને રોટલી બન્નેનું પ્રમાણ મેઇન્ટેઇન કરવામાં આવે તો બન્ને સાથે ખાવામાં કોઈ જ વાંધો નથી. અગત્યનું એ છે કે તમે લંચ કે ડિનરમાં ઓવરઑલ પોષક તત્વોનું બૅલેન્સિંગ કઈ રીતે કરો છો. ચોખા અને ઘઉંનું પ્રપોર્શન જેટલું જ મહત્વનું છે ભોજનમાં ફાઇબરનું પ્રમાણ જળવાય. સૅલડ અને શાકભાજીનો પણ પૂરતો સમાવેશ થાય તો ચોખા-ઘઉં સાથે લઈ શકાય. બીજું મહત્વનું એ છે કે આ બન્ને ધાન્યોને પચાવવા માટે ફાઇબરની સાથે થોડીક માત્રામાં સારી ફૅટની પણ જરૂર છે. ઘઉંની લૂખી રોટલી ખાવાને બદલે એના પર ગાયનું ઘી લગાવવું જોઈએ. ફૅટથી વજન વધી જશે એવું માનવું નહીં. ગાયનું ઘી એ સારી ચરબી છે જે ખોરાકના પાચનમાં પણ મદદ કરે છે.’

રાઇસને હેલ્ધી બનાવવા શું કરવું?

અનપૉલિશ્ડ, બ્રાઉન કે બૉઇલ્ડ રાઇસ વાપરવા. જેની ઉપરનું આવરણ પૉલિશ થઈ ગયું હોય એવા ચમકતા દાણાવાળા ચોખા દેખાવમાં સારા, સ્વાસ્થ્યમાં નહીં. ભાત ખાતા હો તો સાથે સૅલડ અને શાકભાજી પણ પૂરતી માત્રામાં લેવાં. બને તો ભાતની રેસિપીમાં જ વેજિટેબલ્સનો વધુ ઉપયોગ કરવો. રાઇસની વાનગી પચવામાં મુશ્કેલી થતી હોય તો એના પર ત્રિકટુ એટલે કે સૂંઠ, લીડીપીપર અને કાળાં મરીનું સરખા ભાગે બનાવેલું ચૂર્ણ છાંટીને લેવું.

રોટી હેલ્ધી બનાવવા શું?

તૈયાર લોટ લાવવાને બદલે ઘરે અથવા ઘંટીમાં લોટ દળાવવો. મેંદા જેવો લિસ્સો નહીં પણ કરકરો લોટ દળાવવો. આ ઉપરાંત થૂલું ચાળીને ફેંકી દેવું નહીં. એમાં અન્ય ધાન્યોનું મિશ્રણ કરવું. જેમ કે સોયબીન, નાચણી, બાજરી, જુવાર એમ ધાન્યોમાં વરાઇટી રાખવી.

આઈસીસી વિશ્વકપ ૨૦૧૯: જાણો કઈ ટીમમાં કેવા-કેવા દિગ્ગજ ખેલાડી ટકરાશે



નવીદિલ્હી

ઈંગ્લેન્ડ અને વેલ્સમાં ૩૦ મે, ૨૦૧૯થી શરૂ થઈ રહેલા ક્રિકેટ વર્લ્ડ કપ માટે ભારત સહિત તમામ ૧૦ દેશોએ પોત-પોતાની ટીમની જાહેરાત કરી દેવાઈ છે. જેમાંથી કેટલાક દિગ્ગજ તો વળી કેટલાક યુવાન ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું છે. આઈસીસી દ્વારા ૨૩ એપ્રિલ ટીમ જાહેર કરવાની છેલ્લી તારીખ હતી. સૌથી પહેલા ન્યૂઝીલેન્ડ અને સૌથી છેલ્લે વેસ્ટ ઈન્ડિઝે પોતાની ટીમની જાહેરાત કરી છે.

ભારતીય ટીમની સમીક્ષા

ભારત ટીમમાં અત્યારે સફળતાના શિખરે બીરાજમાન વિરાટ કોહલીને કેપ્ટન બનાવાયો છે. તે સફળ બેટ્સમેન પણ છે. દિનેશ કાર્તિકને રિઝર્વ વિકેટકીપર તરીકે પસંદ કરાયો છે. વિજય શંકર ઓલરાઉન્ડર ખેલાડી છે. ભવનેશ્વર કુમાર ડાબોડી ફાસ્ટ બોલર છે. રવિન્દ્ર જાડેજાનો ત્રીજા સ્પીનર તરીકે વર્લ્ડ કપની ટીમમાં સ્થાન મળ્યું છે. લોકેશ રાહુલને ટીમમાં ત્રીજા ક્રમના બેટ્સમેન તરીકે સ્થાન મળ્યું છે. કેદાર જાધવ ઝડપથી રન બનાવવા, મોટા શોટ્સ મવા ઉપરાંત વિકેટ લેવાની ક્ષમતાને કારણે ટીમ-૧૧માં પોતાનું સ્થાન પાકુ કરાવાનો મજબૂત દાવેદાર છે.

યુજવેન્દ્ર ચહલ મર્યાદિત ઓવરોની ટીમનો કાયમી સભ્ય છે. મહેન્દ્ર સિંહ ધોનીનો કદાચ આ અંતિમ વર્લ્ડ કપ હશે. જસપ્રીત બુમરાહ ફાસ્ટ બોલિંગનો મોરચો સંભાળશે. હાર્દિક પંડ્યા પણ ઓલરાઉન્ડર ખેલાડી છે. રોહિત શર્માને 'હિટમેન'ના નામથી ઓળખવામાં આવે છે. શિખર ધવન પાસે બોલની લેન્થને ઝડપથી જાણી લેવાની ક્ષમતા છે. કુલદીપ યાદવ પણ સ્પીનર તરીકે મહત્વનો બોલર છે. મોહમ્મદ શમી અત્યારે શાનદાર ફોર્મમાં છે અને ડાબોડી બેટ્સમેન તથા મીડિયમ પેસર બોલર છે.

ટીમ ઈન્ડિયાઃ વિરાટ કોહલી (કેપ્ટન), રોહિત શર્મા (વાઈસ કેપ્ટન), શિખર ધવન, કેએલ રાહુલ, વિજય શંકર, એમએસ ધોની, કેદાર જાધવ, દિનેશ કાર્તિક, યુજવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, હાર્દિક પંડ્યા, મોહમ્મદ શમી, ભુવનેશ્વર કુમાર, જસપ્રીત બુમરાહ, રવીન્દ્ર જાડેજા.

ઓસ્ટ્રેલિયાની ટીમ એરોન ફિન્ચ (કેપ્ટન), જેનસ શ્રેન્ડોર્ફ, એલેક્સ કેરી(વિકેટકીપર), નાથન કોલ્ટર, પેટ કમિન્સ, ઉસમાન ખ્વાજા, નાથન લાયન, શોન માર્શ, ગ્લેન મેક્સવેલ, જેય રિચર્ડસન, સ્ટીવ સ્મિથ, મિશેલ સ્ટાર્ક, માર્કસ સ્ટોનિસ, ડેવિડ વોર્નર, આદમ ઝમ્પા.

બાંગ્લાદેશની ટીમ મુશરફે મોર્તજા (કેપ્ટન), તમીમ ઈકબાલ, મબમૂદુલ્લાહ, મુશફિકુર રહીમ, શાકિબ અલ હસન (વાઈસ કેપ્ટન), સૌમ્યા સરકાર, લિટન દાસ, શબ્બીર રહમાન, મેહદી હસન, મોહમ્મદ મિથુન, રૂબેલ હુસૈન, મુસ્તફિઝુર રહમાન, મોહમ્મદ સૈફુદ્દીન, મોસાદેક હુસૈન, અબુ ઝાયદ.

ઈંગ્લેન્ડની ટીમ ઈયોન મોર્ગન (કેપ્ટન), મોઈન અલી, જોની બેયરસ્ટો, જોસ બટલર, ટોમ કરન, જોએ ડેનલી, એલેક્સ હેલ્ક, લિયામ પ્લંકેટ, આદિલ રાશિદ, જો રૂટ, જેસન રોય, બેન સ્ટોક્સ, ડેવિડ વિલી, ક્રિસ વોક્સ, માર્ક વુડ.

શ્રીલંકાની ટીમ દિમુથ કરુણારત્ને (કેપ્ટન), લશિત મલિંગા, એંજેલો મૈથ્યૂઝ, તિસારા પરેરા, કુસલ પરેરા, ધનંજય ડિસિલ્વા, કુસલ મેંડિસ, ઈસુરૂ ઉદાના, મિલિંદા સિરિવર્ધને, અવિષ્કા ફર્નાંડો, જીવન મેંડિસ, લાહિરુ થિરિમન્ને, જૈકી વેંડરસે, નુવાન પ્રદીપ અને સુરંગા લકમલ

દક્ષિણ આફ્રિકાની ટીમ ફાફ ડૂપ્લેસિસ(કેપ્ટન), હાશિમ અમલા, જે.પી. ડુમિની, ડેવિડ મિલર, ક્વિન્ટન ડી કોક(વિકેટકીપર), ડેલ સ્ટેન, એન્ડિલે ફેહલુકવાયો, ઈમરાન તાહિર, કેગિસો રબાડા, ડ્વેન પ્રીટોરિયસ, એનરિક નોર્ત્જે, લુંગી એનગિડી, એડેન માર્કમ, રાસ વાન ડર ડુસેન, તબરેશ શમ્સી.

પાકિસ્તાનની ટીમ સરફરાઝ અહેમદ(કેપ્ટન), ફખર ઝમાન, ઈમામ-ઉલ-હક, આબિદ અલી, બાબર આઝમ, શોએબ મલિક, મોહમ્મદ હફીઝ, શાદાબ ખાન, ઈમાદ વસીમ, હસન અલી, ફહીમ અશરફ, શાહીન અફરીદી, જૂનૈદ ખાન, મોહમ્મદ હસનૈન, હેરિસ સોહેલ.

અફગાનિસ્તાન ટીમઃ ગુલબદિન નૈબ (કેપ્ટન), નૂલ અલી જરદાન, હજરતુલ્લાહ જજાઈ, રહમત શાહ, અસગર અફગાન, હશમતુલ્લાહ શાહિદી, નજિબુલ્લાહ જદરાન, સૈમુલ્લાહ શિનવારી, મોહમ્મદ નબી, રાશિદ ખાન, દૌલત જાદરાન, આફતાબ આલમ, હામિદ હસન અને મુઝીબ ઉર રહમાન.

ન્યૂઝીલેન્ડની ટીમઃ કેન વિલિયમસન (કેપ્ટન), માર્ટિન ગુપ્ટિલ, હેનરી નિકોલ્સ, રોસ ટેલર, ટોમ લાથમ, કોલિન મુનરો, ટોમ બ્લંડેલ, જિમી નીશમ, કાલિન ડી ગ્રેંડહોમ, મિશેલ સેંટનેર, ઈશ સોઢી, ટિમ સાઉદી, મેટ હેનરી, મેટ હેનરી, લોકી ફર્ગ્યૂસન, ટ્રેંટ બાઉલ્ટ.

વેસ્ટઈન્ડિઝની ટીમ જેસન હોલ્ડર (કેપ્ટન), આંદ્રે રસેલ, એશલે નર્સ, કાર્લોસ બ્રેથવેટ, ક્રિસ ગેલ, ડેરેન બ્રાવો, ઈવિન લુઈસ, ફેબિયન એલન, કેમાર રોચ, નિકોલન પૂરન, ઓસાને થોમસ, શાઈ હોપ, શેનાને ગાબરિલ, સેલ્ડન કોટરેલ, શિમરોન હેટમાયર.

અભિનેત્રી કેટરિના કૈફ પર સૌથી વધુ વિશ્વાસ કરે છે સલમાન ખાન



મુંબઈ

સલમાન ખાન અને કેટરિના કૈફની આગામી ફિલ્મ 'ભારત'નું ટ્રેલર રીલિઝ થઈ ગયું છે. જે બાદ ફિલ્મને લઈને ચર્ચાઓ થઈ રહી છે. આવામાં કેટરિના કૈફે આપેલા એક ઈન્ટરવ્યૂમાં ફિલ્મ અને સલમાન ખાન અંગે ખુલીને વાત કરી હતી. આ ઈન્ટરવ્યૂ દરમિયાન કેટરિનાએ સલમાન ખાનના વખાણ કર્યા હતા.


એક પોર્ટલને આપેલા ઈન્ટરવ્યૂમાં કેટરિનાએ કહ્યું કે, જ્યારે હું અને સલમાન સાથે કામ કરીએ છીએ તો અમારી સૌથી સારી વાત એ હોય છે કે અમે કામની મહત્તાને સમજીએ છીએ. કામને હંમેશા સીરિયસલી લઈએ છીએ. કામ દરમિયાન 'જોઈશું'વાળી સ્થિતિ બિલકુલ પણ હોતી નથી. સલમાન જાણે છે કે હું પાત્ર અને ફિલ્મને લઈને ૧ હજાર ટકા આપું છું. આ વાતોને લીધે જ સલમાનને મારી પર સંપૂર્ણ વિશ્વાસ રહે છે.

કેટરિનાએ આ ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, જ્યારે અમે કામ પર આવીએ છીએ તો અમારું એક જ માઈન્ડસેટ હોય છે. અમે સેટ પર આવતાં જ પહેલાં રિહર્સલ કરીએ છીએ. એ પછી જ સીન કરીએ છીએ. આ દરમિયાન અમે કોઈપણ કામ કરવામાં બેદરકારી નથી કરતાં અને કોઈપણ કામને સરળ સમજતાં નથી. સલમાન ફિલ્મના કોઈપણ કામને લઈને કોઈ કસર બાકી રખતો નથી.

ઉલ્લેખનીય છે કે, સલમાન અને કેટરિનાની જોડી બોલિવૂડની સૌથી પસંદ કરવામાં આવતી જોડીઓમાંથી એક છે. બન્નેએ સાથે ઘણી ફિલ્મ્સમાં કામ કર્યું છે. જેમાં મૈંને પ્યાર ક્યોં કિયા, યુવરાજ, એક થા ટાઈગર, ટાઈગર જિંદા હૈ જેવી ફિલ્મ્સ સામેલ છે. ઉપરાંત ફિલ્મ 'ભારત'ની વાત કરીએ તો આમાં સમલાન ખાન પાંચ જુદા-જુદા લુક્સમાં જોવા મળશે.

આ ફિલ્મનું ટ્રેલર રીલિઝ થયા બાદ સલમાન ખાનની સાથે સાથે કેટરિના કૈફના પણ વખાણ થઈ રહ્યાં છે. ફિલ્મમાં સલમાન, કેટરિનાને 'સર-મેડમ' નામથી બોલવતો નજરે પડી રહ્યો છે. જેથી ફિલ્મમાં સલમાન-કેટરિનાની એક અલગ જ કેમિસ્ટ્રી નજરે પડી શકે છે.

૧૩ રને ચોથીવાર આઉટ થયો કોહલી, ખેલાડી છે સૌથી વધુ 'અનલકી'



જયપુર

બુધવારે રાત્રે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે રસાકસી ભરેલી મેચમાં કિંગ્સ ૧૧ પંજાબને હરાવી હતી પરંતું આઈપીએલ દરમિયાન ચોથીવાર એવું થયું કે કેપ્ટન કોહલી ૧૩ રનના અનલકી આંકડે ફસાયો હતો. જોકે, આ યાદીમાં ફક્ત વિરાટ કોહલી જ નથી તેમનાથી વધુ વાર એક કેપ્ટન અને એક વિકેટ કિપર અનલકી ૧૩ પર આઉટ થયા છે.

પંજાબના કેપ્ટન અશ્વિને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાના બદલે બેંગ્લોરને બેટિંગ આપી હતી. પ્રથમ બેટિંગ કરતા બેંગ્લોરની ટીમ વતી પાર્થિવ પટેલે એક સંગીન શરૂઆત કરી હતી. ઓપનિંગમાં પાર્થિવ પટેલ સાથે ઉતરેલા કેપ્ટન કોહલી માત્ર ૧૩ રન બનાવીને આઉટ થઈ ગયા હતા. મોહમ્મદ શામીની બૉલિંગમાં કોહલી મંદીપ સિંહના હાથમાં એક સરળ કેચ આપી બેસ્યા હતા. આમ કોહલી ચોથી વાર અનલકી ૧૩ પર આઉટ થયા હતા. વિરાટ આ મેચ બાદ સુરેશ રૈના, રૉબિન ઉથ્થપા અને અજિંક્ય રહાણે સાથે ચોથી વાર અનલક્કી ૧૩ના ક્લબમાં આઉટ થઈ ગયા છે.

સનરાઈઝર્સ હૈદરાબાદના વિકેટકીપર વૃદ્ધીમાન સાહા આઈપીએલના સૌથી મોટા 'અનલકી' ખેલાડી છે. અત્યારસુધી સાહા ૭ વાર ૧૩ રનના સ્કોર પર આઉટ થઈ ગયા છે.

આ લીગમાં ફક્ત સાહા જ નથી. કોહલી ચાર વાર ૧૩ રને આઉટ થયા છે તો મુબઈ ઈન્ડિયન્સના કેપ્ટન રોહિત શર્મા પણ તેમનાથી એક કદમ આગળ છે. રોહિત આઈપીએલમાં ૫ વાર ૧૩ રનના સ્કોર પર આઉટ થયા છે.

ફેન્સના સંબંધમાં દિશાએ મહત્વની વાત કરી

હુ માત્ર પોઝિટિવ ચીજો પર ધ્યાન આપુ છુ : દિશા પટની



મુંબઈ

અભિનેત્રી દિશા પટનીએ ભારતના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીની લાઈફ પર બનેલી ફિલ્મ એમએસ ધોની ધ અનટોલ્ડ સ્ટોરીથી બોલિવુડમાં એન્ટ્રી કરનાર દિશા પટની હવે સલમાન ખાન સાથે કામ કરવા જઈ રહી છે. તે એકપછી એક મોટી સફળતા મેળવી લેવાની દિશામાં આગળ વધી રહી છે. સલમાન ખાન સાથે ભારત ફિલ્મના ગીત સ્લો મોશન રજૂ કરવામાં આવ્યા બાદ તેની લોકપ્રિયતા વધી રહી છે. સલમાન સાથે તેની કેમિસ્ટ્રી પણ જોરદાર દેખાઈ રહી છે. દિશા સોશિયલ મિડિયા પર વધારે સક્રિય રહે છે. તે પોતાના સેક્સી ફોટો હમેંશા શેયર કરતી રહે છે. તેની જોરદાર પ્રશંસા થઈ રહી છે. હોટ ફોટોને લઈને સોશિયલ મિડિયામાં યુજર્સ દિશાને લઈને જેમ તેમ નિવેદન કરે છે. જો કે દિશા ક્યારેય કોઈ જવાબ આપતી નથી. દિશા પટની વારંવાર ટોલ્સ થતી રહે છે. દિશાએ કહ્યું છે કે તે હમેંશા પોઝિટીવ

સલમાન ખાનની ફિલ્મ ભારતમાં દિશા હોટ અંદાજમાં

બાબતો પર વિચારણા કરે છે. દિશાએ પોતાના ચાહકો અંગે માહિતી આપતા કહ્યું છે કે કઈ રીતે સોશિયલ મિડિયા તેમની સાથે જોડાઈ શકે છે. દિશાએ કહ્યું છે કે તે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ કરે છે. તેની સાથે તે સારી રીતે જોડાઈ શકે છે. દિશા પટનીએ ખુબ શાનદાર ભૂમિકા અદા કરીને તમામનુ ધ્યાન ખેંચી રહી છે. તેની પાસે હાલમાં નવી નવી ફિલ્મોની ઓફર આવી રહી છે. દિશા ચાહકો પાસેથી ફરી સારા ફિડબેક લેવા માટે ઈચ્છુક છે.

બોલિવુડમાં હાલમાં રહેલી તમામ અભિનેત્રી કરતા દિશા સૌથી વધારે ચર્ચામાં રહી છે. દિશા પટનીની બોલબાલા વિશ્વમાં પણ વધી રહી છે. દિશા બોલિવુડની સાથે સાથે દક્ષિણ ભારતની ફિલ્મમાં પણ કામ કરવા માટે ઈચ્છુક છે. દિશા માટે બોલિવુડમાં પગ જમાવવા માટેની બાબત હવે મુશ્કેલ નથી. તચેનુ કહેવુ છે કે બોલિવુડમાં તે તમામ મોટા સ્ટાર અને નિર્માતા નિર્દેશકો સાથે કામ કરી રહી છે.

રાજસ્થાન-મુંબઈની મેચમાં મોડાસાની આ યુવતીએ બની આકર્ષણનું કેન્દ્ર



મુંબઈ

અત્યારે આઈપીએલનો ફિવર દરેકના માથે ચડેલો છે. ત્યારે મોડાસાના લોકોનું ખાસ ધ્યાન ખેચે એવા સમાચાર આવ્યા છે. મોડાસાના સાયરાની વતની નિલાંશી પટેલ માથઆના સૌથી વધુ લાંબાવાળ માટે ગિનિસ બુકમાં સ્થાન ધરાવે છે. ત્યારે હાલ ભારતમાં રમાતી આપિલેની મેચ દરમિયાન નિલાંશીને રાજસ્થાન રોયલ્સના ખેલાડીઓનો ઉત્સાહ વધારવા માટે આયોજકો દ્વારા આમંત્રિત કરવામાં આવી છે. જેથી પરિવારમાં ખુશીઓ ફેલાઈ છે.

મળતી માહિતી પ્રમાણે આઈપીએલની ૩૬મી મેચ ગત શનિવારના રોજ જયપુર ખાતે રાજસ્થાન રોયલ્સ અને મુંબઈ ઈન્ડિયન વચ્ચે રમાઈ હતી. જેમાં રાજસ્થાન રોયલ્સનો વિજય થયો હતો. સમગ્ર મેચ દરમિયાન સૌથી વધુ લાંબાવાળ ધરાવનાર નિલાંશીએ રાજસ્થાન રોયલ્સના ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

ગિનિશ બુકમા સ્થાન પામનાર નિલાંશી પટેલને આયોજકો દ્વારા આમંત્રિત કરવામાં આવતા મોડાસા તાલુકા અને અરવલ્લી જિલ્લા માટે જયપુરમાં રમાઇ ગયેલી મેચ મહત્વની યાદગાર બની રહી હતી.ઉલ્લેખનીય છે કે આઈપીએલની ૩૬મી મેચમાં શનિવારે રાજસ્થાન રોયલ્સે મુંબઈ ઈન્ડિયન્સને પાંચ વિકેટે પરાજય આપ્યો હતો. વર્તમાન સિઝનમાં આ તેનો ત્રીજો વિજય છે. મુંબઈએ આપેલા ૧૬૨ રનના લક્ષ્યાંકને રાજસ્થાને ૧૯.૧ ઓવરમાં પાચ વિકેટના નુકસાન સાથે હાંસલ કરી લીધો હતો.

'સ્ટુડન્ટ ઓફ ધ યર' ફ્રેન્ચાઈઝીમાં તૈમૂર ચમકશે..?!!

મુંબઈ

લોકોનો સૌથી વધુ પ્રેમ મેળવનારો સ્ટાર કિડ તૈમૂર અલી ખાન સતત ન્યૂઝમાં રહે છે. તેના પેરેન્ટ્સ-સૈફ અલી ખાન અને કરીના કપૂરને મીડિયાના ફોટોગ્રાફર્સ તેને ખૂબ જ એટેન્શન આપી રહ્યા છે એ પસંદ નથી. થોડા સમય પહેલાં કરીનાએ મજાકમાં કહ્યું હતું કે, 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૧૦'માં તે તૈમૂરને જોવા ઈચ્છે છે.'

'સ્ટુડન્ટ ઓફ ધ યર ૨'ના ડિરેક્ટર પુનીત મલ્હોત્રાને કરીનાની આ કોમેન્ટ વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, 'મને આશા છે કે, તમને બધાને આ ફિલ્મ ગમશે અને તમારા પ્રેમથી જ અમે આ ફ્રેન્ચાઈઝીને આગળ લઈ જઈશું. જો અમે 'સ્ટુડન્ટ ઓફ ધ યર' ફ્રેન્ચાઈઝીને આગળ લઈ જવામાં સફળ રહીશું તો એમાં તૈમૂર રહેશે.' 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૨'માં ટાઈગર શ્રોફ, અનન્યા પાંડે અને તારા સુતરિયા લીડ રોલ્સમાં છે.

ગોકુલ રસ ભંડાર સહિતની ૯ ફેક્ટરીઓમાં તપાસ કરાઈ

સુરત

ડે.કમિશનર હેલ્થ અને હોસ્પિટલ અને ડેઝીગ્નેટેડ ઓફિસરની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ ઉનાળાની સીઝનને ધ્યાને રાખી તા.૨૬-૪-૨૦૧૯ના રોજ અત્રેના ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા સુરત શહેર વિસ્તારમાં આવેલ મેંગો મિલ્કશેકનું વેચાણ કરતી સંસ્થાઓની સ્થળ તપાસ કરી મેંગો મિલ્કશેકના કુલ ૧૮ નમૂના લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે. જેના રિપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. જે સંસ્થાઓમાંથી રસના સેમ્પલો મેળવાયા છે. તેમાં ન્યુ ગોકુલ રસ કેન્દ્ર, શિવ ખમણ એન્ડ ફરસાણ, હરેક્રિષ્ણા રસ, શિવ એગ્રો ફુડ પ્રોડક્ટ્સ, ગોકુલ રસ ભંડાર, શ્રી ગોકુલ રસ ભંડાર, પારસ રસ માર્ટ, જૈન મેંગો જ્યુસ અને ઓમ ગોકુળ રસ ભંડારનો સમાવેશ થાય છે.





ચૈત્ર મહિનામાં સૂર્ય દેવતા સોળે કળાએ ખિલી ઉઠતા સુરત સહિત ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. હવામાન ખાતાની આગાહી મુજબ સુરતમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. જ્યારે તાપથી બચવા બાળકો નહેરના શીતલ પાણીમાં ડૂબકી મારી રહ્યાં જ્યારે મોપેડ સવાર યુવતી મોઢા પર દુપટ્ટો બાંધવાની ફરજ પડી હોવાનું ઉપરોક્ત તસવીરોમાં નજરે પડે છે.

ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ચોરીના મોબાઈલ સાથે ચોરને ઝબ્બે કર્યા

સુરત

રિઢા મોબાઈલ ફોન ચોરની ડીસીબી પોલીસે ધરપકડ કરી અનેક મોબાઈલ ચોરીના ભેદ ઉકેલવામાં સફળ થઈ હતી.

સુરત શહેરમાં ચેઈન સ્નેચીંગ અને મોબાઈલ સ્નેચીંગના ગુનાઓને શોધી કાઢવા સારૂ ડીસીબીના પો. સબ ઈનસ આર. જે. ચૌધરી તથા વિકાસ વિશ્વાસરાવ તથા ઈમરાખાન મહેરાજખાનના મળેલ સંયુકત બાતમી હકીકતના આધારે આરોપી અસલમ ઉર્ફે સરકીટ યાકુબભાઈ પટેલ (રહેવાસી- એચ/૨ બિલ્ડિંગ નંબર ૧૭૭, રૂમ નંબર બી/૧૧ કોસાડ એસએમસી આવાસ યોજના અમરોલી, સુરત)ની ચોરીના ફોન સાથે ધરપકડ કરી હતી.

પકડાયેલ આરોપીની પૂછપરછ કરતા તેણે કબૂલાત કરેલ કે આજથી પંદરેક દિવસ પહેલાં તૌસીફ અબ્દુલ દિવાન (રહેવાસી- એચ/૨ બિ.નં. ૧૯૬ બી/૧૭ એસ.એમ.સી. આવાસ યોજના અમરોલી) પાસેથી ઉપરોકત મોબાઈલ ફોન વગર બીલે રૂપિયા ૩,૦૦૦/- ખરીદ કરેલ હોવાનું જણાવેલ જે મોબાઈલ ફોન બાબતે અમરોલી પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર થયો હતો. પકડાયેલ મજકુર આરોપી વિરુદ્ધમાં અગાઉ અમરોલી પોલીસ સ્ટેશનમાં બે ગુના દાખલ થયેલ છે.

આ કામગીરી પો.સબ ઈન્સ. આર. જે. ચૌધરી તથા એ.એસ.આઈ. સંજયભાઈ મુરલીધર તથા અ.હેડ. કોન્સ વિકાસ વિશ્વાસરાવ તથા અ.હેડ. કોન્સ ઈમરાનખાન મહેરાજખાન, અ.હેડ. કોન્સ શ્રવણ માનબહાદુર, અ.પો.કો. મિતલભાઈ નરસિંહભાઈ નાઓએ સાથે રહી ટીમ વર્કથી કામગીરી કરેલ છે.

રૂદરપુરામાં હિન્દુ ગાર્ડન રોડ પર ગેરકાયદે બાંધકામ તોડી પડાયું

સુરત

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૨, નોંધ નં.૨૬૨૨/અ/૧૬, હિન્દુ ગાર્ડન રોડ રૂદરપુરા વાળી મિલ્કતમાં મિલ્કતદાર દ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૬-૪-૨૦૧૯ના રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સીક્યોરિટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે આશરે ૨૩૫ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ દૂર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૫૦,૦૦૦ વહીવટી ચાર્જ તથા ડીમોલીશન પેટે વસૂલ લેવામાં આવેલ છે.

મોબાઈલની લે-વેચ કરતી વખતે ગ્રાહકના પુરાવા લેવા આવશ્યક

વેપારીએ નિયત નમૂના મુજબનું રજીસ્ટર પણ નિભાવવુ પડશે

સુરત

રાજયમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ, ગુન્હાઓને શોધી કાઢવા માટે શહેરના મદદનીશ પોલીસ કમિશનર(વિશેષ શાખા)શ્રી પી.એલ.ચૌધરીએ જુના મોબાઈલ ખરીદનાર/વેચનાર વેપારીઓ કે કોઈ વ્યકિતઓ દ્વારા થતી લે-વેચ સંબંધે એક જાહેરનામું બહાર પાડયું છે. જે પ્રમાણે સૂરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ સરનામું નોંધવું ફરજીયાત બનાવીને નિયત કરેલા કોલમવાઈઝ મોબાઈલની વિગત, આઈએમઈઆઈ નં.ની વિગત વગેરેના રજીસ્ટરો નિભવવાના રહેશે. આ ઉપરાંત કોઈ એક વ્યકિત બીજી વ્યકિત પાસેથી સીધો મોબાઈલની લે-વેચ કરે ત્યારે મોબાઈલ વેચનાર વ્યકિત પાસેથી ખરીદનાર વ્યકિતએ મોબાઈલ વેચનાર વ્યકિતનું આઈ-ડી પ્રુફ અને પુરુ નામ સરનામું મેળવી એક નકલ પોતાની પાસે રાખી બીજી નકલ નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. દરેક પોલીસ સ્ટેશનમાં નિયત નમૂના મુજબના કોલમનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. આ જાહેરનામું તા.૧૬/૦૬/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

ચાર કરતા વધારે વ્યક્તિઓને ભેગા થવા ઉપર પ્રતિબંધ

જાહેર શાંતિ અકબંધ રાખવા પોલીસનો હુકમ

સુરત

સુરત શહેરમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને જાહેર શાતિ અને સલામતી જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બરકરાર રહે તે માટે શહેરના મદદનીશ પોલીસ કમિશનર(વિશેષ શાખા)શ્રી પી.એલ.ચૌધરીએ એક જાહેરનામું પ્રસિધ્ધ કરી સંયુક્ત હેતુથી જાહેર સ્થળે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર તા.૦૪/૦૫/૨૦૧૯ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે. અપવાદ તરીકે સરકારી, અર્ધસરકારી ફરજ સાથે સંકળાયેલા તથા સ્મશાનયાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

નાસતા ફરતા પ્રેમી પંખીડાને ક્રાઈમ બ્રાંચે શોધી કાઢયા

સુરત

પ્રેમ સંબંધમાં સગીર વયની યુવતીને ભગાડી જનારને ડીસીબી પોલીસે ઝડપી પાડી ઈચ્છાપોર પોલીસ સ્ટેશનને આ પ્રેમી પંખીડાને સુપરત કર્યા હતા.

ડીસીબી પોલીસે મળેલી બાતમીના આધારે મૂળ મધ્યપ્રદેશના સત્યમ વાલ્મિક ગર્ગની કડોદરા ચાર રસ્તા પાસે ભાડાના મકાનમાંથી ઝડપી પાડયો હતો. પોલીસ સૂતોના જણાવ્યા મુજબ ઈચ્છાપોર પોલીસ સ્ટેશને અપહરણની નોંધાયેલી એક ફરિયાદમાં આરોપી સત્યમ ફરિયાદીની દીકરી સાથે પ્રેમસંબંધ હોય ગઈ તારીખ ૧૨/૦૪/૨૦૧૯ના રોજ મોરા ટેકરા ગામ ખાતેથી ભગાડી લઈગયો હતો. જે બાબતે ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬ મુજબનો ગુનો રજીસ્ટર થયો હતો. જેથી પોતાની ધરપકડ ટાળવા સારૂ ભોગ બનનાર કિશોરીને લઈને નાસતો ફરતો હોય મજકુર ઈસમને તારીખ ૨૫/૦૪/૨૦૧૯ના ૪૧ (૧) (આઈ) મુજબ અટક કરવામાં આવેલ છે. પકડાયેલ આરોપી તેમજ ભોગ બનનાર કિશોરીને ઈચ્છાપોર પો.સ્ટે. શોપવા તજવીજ કરેલ છે.

સદર કામગીરી પો.સબ ઈન્સ. આર.જે. ચૌધરી તથા સંજય મુરલીધર તથા વિકાસ વિશ્વાસરાવ તથા ઈમરાનખાન મહેરાજખાન, શ્રવણ માનબહાદુર તથા મિતલભાઈ નરસિંહભાઈ તથા વુ.પો.કો. શ્રધ્ધાબેન રમેશપરીનાઓએ સાથે મળી ટીમ વર્કથી કરેલ છે.

અપહરણ અને બળાત્કાર કેસમાં આરોપીનો કોર્ટમાં નિર્દોષ છૂટકારો

સુરત

વેડરોડ પ્રાણનાથ હોસ્પિટલ દરબાર નગર ખાતે રહેતા એક વિદ્યાર્થીએ કતારગામ અનાથ આશ્રમ ખાતે રહેતી એક સગીરાનું અપહરણ કરી મુંબઈ લઈ જઈ બળાત્કાર ગુજારવાના એક કેસમાં બચાવ પક્ષના એડવોકેટ ઝમીર શેખની દલીલોને ધ્યાનમાં રાખી પોકસોની સ્પેશિયલ કોર્ટે આરોપી વિદ્યાર્થીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. જોકે, પીડિતાએ પિતા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદને સમર્થન આપ્યું ન હતું. અને ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયો હોવાનું અદાલતે પોતાના ચુકાદામાં ટાંકયું હતુ.

આ કેસની વિગતો એવી છે કે, વેડરોડ દરબાર નગર ખાતે ૧૯ વર્ષના વિદ્યાર્થી નિકુંજ નરેશભાઈ રાઠોડ રહે છે. ૧૫ વર્ષની સગીરા ગત તા. ૧૨/૧૦૧૭ના રોજ સાંજના સુમારે હાથી મંદિર પાસેથી અપહરણ કરી મુંબઈ ખાતે લઈ જઈ દુષ્કમ આચર્યું હતું. અને ૧૪/૧૦/૧૭ના રોજ તેને સુરત ખાતે પરત લઈ આવ્યો હતો. પોલીસે અપહરણ અને પોકસોના ગુનો નોંધી આરોપી નિકુંજ રાઠોડની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. આ કેસમાં ઈન્સાફી કાર્યવાહી પુરી થતા એડવોકેટ ઝમીર શેખની દલીલોને મંઝૂર કરી અદાલતે નિકુંજ રાઠોડને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

ગોડાદરામાંથી ૩૮૪૦ કિલોગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝડપાયું

મકાન માલિક સામે રૂા.એક લાખનો દંડ વસૂલવા કાર્યવાહી

સુરત

સુરત મહાનગરપાલિકા સાઉથ ઈસ્ટ ઝોનના ડે.કમિશનર એન.વી. ઉપાધ્યાયની સૂચના મુજબ અને નાયબ આરોગ્ય અધિકારી ડૉ. સંજય એસ. દાસના સીધા માર્ગદર્શન હેઠળ સાઉથ ઈસ્ટ ઝોનના આરોગ્ય વિભાગના મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક અને મદદનીશ આરોગ્ય નિરીક્ષકની ટીમે તા.૨૬-૪-૨૦૧૯ના રોજ ગોડાદરા વોર્ડ વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝુંબેશ અભિયાન અંતર્ગત ચેકિંગ હાથ ધરતા તે વિસ્તારના રહેણાંક પ્લોટ નં.૧૩૯, ભવાનીપાર્ક, વિભાગ-૧ના મકાનમાંથી કુલ ૩૮૪૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જમ્પ કરવામાં આવેલ છે. તેમજ તે મકાન માલિક સામે વહીવટી ખર્ચ પેટે આશરે એક લાખ રૂપિયા દંડ વસૂલવાની કાર્યવાહી ચાલુ છે. તેમજ નોટીસ આપવામાં આવે છે અને જમ્પ કરેલ પ્રતિબંધિત પ્લાસ્ટિકને ઈકોવિઝન ખાતે મોકલવામાં આવેલ છે.



પૌરાણીક જાગનાથ મહાદેવ મંદિરમાં બિરાજમાન શ્રી આશાપુરા માતાજી અને શ્રી શિંગતોર માતાજીના ૧૫મી સાલગીરી ઉત્સવ નિમિત્તે મહાનવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

ફેસબુક ફ્રેન્ડ દ્વારા વેડરોડની સગીર છોકરી પર બળાત્કાર

ઓલપાડના યુવક વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ

સુરત

ઓલપાડના પટેલ ફળિયામાં બ્રાહ્મણ જ્ઞાતિની સગીર પુત્રી સાથે ફેસબૂક મિત્રતા બાંધી અવર- નવર શીરર સંબંધ બાંધી બળાત્કાર ગુજારી ઓલપાડનો યુવક ફરાર થઈ ગયો હતો. પીડિતાએ ઓલપાડ પોલીસ મથકમાં બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વેડરોડ-સિંગણપોર ગામ અંબા માતાના મંદિર પાસે એક પરિવાર રહે છે. તેમને એક ૧૪ વર્ષ અને ૭ માસની સગીર પુત્રી છે. ઓલપાડ શિવાલીક સોસાયટીમાં રહેતા નીતિન ઉર્ફે જીત સોલંકીએ ફેસબૂકના માધ્યમથી સિંગણપોર ગામની સગીરા સાથે મિત્રતા કેળવી પ્રેમસંબંધ બાંધ્યો હતો. અને ત્યારબાદ તેની સાથે અવર-નવર બળાત્કાર ગુજારી ફરાર થઈ ગયા હતા. ઓપલાડ પોલીસ મથકમાં પીડિતાએ ઓપલાડના યુવક નામે ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચેક બાઉન્સ થતાં બેંકના પૂર્વ ચેરમેનને ૭૫ લાખનો દંડ ફટકારાયો

સુરત

સુરત ઉધના બેંકના પૂર્વ ચેરમેનને રૂપિયા ૭૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. બેંકના પૂર્વ ચેરમેન માધવનને ચેક બાઉન્સ કેસમાં દંડ ફટકારવામાં આવ્યો છે.

દોઢ કરોડના ચેક બાઉન્સનો આ મામલો છે. જેમાં ઉઠમણું કરનાર ઉધના સીટીઝન કોઓ હેન્તમાં માધવન ચેરમેન હતા. માધવને પરિચિતને કેશ કેડિટ લોન આપી હતી. આટલું જ નહીં, માધવને પરિચિતને આપેલ કેશ કેડિટ લોનની જવાબદારી પોતે સ્વીકારી હતી. જેના દોઢ કરોડના ચેક બાઉન્સ થતાં કોર્ટે માધવનને રૂપિયા ૭૫ લાખનો દંડ ફટકાર્યો છે.

એ.કે. રોડ પર પાર્ક કરેલા ઘઉં ભરેલા ટેમ્પામાં એકાએક આગ

સુરત

એ.કે. રોડ ખાતે મળસ્કે રસ્તા પર પાર્ક કરેલ ફોર વ્હીલ ટેમ્પોના ટાયર સળગી જતા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી એ.કે. રોડ જૂના સંદેશ પ્રેસની સામે રસ્તા ઉપર ફોર વ્હીલ ટેમ્પો પાર્ક કરેલ હતો. જેમાં મળસ્કે સાડા ત્રણ વાગ્યાના સુમારે અચાનક આગ લાગી હતી. બનાવની જાણ થતાં જ ફાયર ઓફિસર વિનોદ રોઝી વાડિયા તાત્કાલિક સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી ગયચા હતા. ઘઉં ભરેલ ફોર વ્હીલ ટેમ્પોના પાછળના બે ટાયર સળગી ગયા હતા. ટાયર પર લાગેલી આગને કાબૂમાં લઈ ટેમ્પોને થતું વધુ નુકસાન અટકાવ્યું હતું. આ બનાવમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ કે અન્ય કોઈ નુકસાન થયું ન હતું આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

વેડરોડ વિશ્રામનગરની મહાવીર સ્કૂલની માન્યતા રદ કરાઈ છે

એડમીશન નહીં લેવા વિદ્યાર્થીઓ-વાલીઓને સૂચના

સુરત

સુરતના વેડ રોડ સ્થિત વિશ્રામનગર સોસાયટીમાં આવેલી મહાવીર એજ્યુકેશન એન્ડ વેલ્ફર ટ્રસ્ટ સંચાલિત મહાવીર હિન્દી વિદ્યાલય સેકન્ડરી સ્કૂલની માન્યતા રદ કરવામાં આવી છે. આ શાળાની નોંધણી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા રદ કરાઈ હોવાથી હાલ ધો-૯ની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને નજીકની અન્ય શાળામાં પ્રવેશ મેળવી લેવા તેમજ આગામી જુન-૨૦૧૯થી માધ્યમિક વિભાગમાં પ્રવેશ ન મેળવવા વાલીઓને તથા વિદ્યાર્થીઓને સુરત જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી દ્વારા અપીલ સહ અનુરોધ કરવામાં આવ્યો છે.


નવા વાઘપુરા હાઈવે પર ઘોડી લઈ જતા વ્યક્તિને હાઈવા ટ્રકે ટક્કર મારતા ઘોડીનું મોત, વ્યક્તિનો આબાદ બચાવ

ઘોડી પર બેસી જઈ રહેલા ગરુડેશ્વરના ગંભીરપુરાના વ્યક્તિને હાઈવાના ચાલકે ટક્કર મારતા ફંગોળાઈ ગયેલા વ્યક્તિને ગંભીર ઈજા પરંતુ ઘોડીનું મોત

રાજપીપળા : નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નવા વાઘપુરા ગામના હાઈવે ઉપર થી ઘોડી પર બેસી જઈ રહેલા ગરુડેશ્વર તાલુકાના ગંભીરપુરા ગામના વિષ્ણુ છગનભાઈ તડવીને હાઈવા ટ્રક નંબર GJ-21-W-7362 ના ચાલકે પોતાના ટ્રક પુરપાટ હંકારી લાવી ઘોડી સાથે એકસીડન્ટ કરી વિષ્ણુભાઈને ઘોડી સાથે રોડ ઉપર પાડી દઈ માથામા તથા શરીરે ગેબી ઈજાઓ પહોચાડી તેમજ ઘોડીને પેટના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોચાડી ઘોડીનું મોત નિપજાવી ૩.૮૦,૦૦૦/- જેટલાનુ નુકશાન કરી વિષ્ણુભાઈને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી સદ્નસીબે તેમનો આબાદ બચાવ થયો હતો ત્યાર બાદ ટ્રક ચાલાક પોતાની ટ્રક લઈ નાશી જઈ ગુનો કરતા આ બાબતે વિષ્ણુ તડવી એ રાજપીપળા પોલીસ સ્ટેશને હાઈવા ના ચાલક વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજપીપળા શહેરમાં આખો દિવસ લાઈટો બંધ રહેતા ૪૫ ડિગ્રી તાપમાનમાં લોકો શેકાયા

સવારે નક્કી કરેલા સમયે વીજ કંપનીએ પુરવઠો બંધ જરૂર કર્યો પરંતુ કોઈ સરકારી કામ ના કારણે એક ઉચ્ચ અધિકારીનો ફોન આવતા ફરી અડધો કલાક લાઈટો ચાલુ કરાયા બાદ બંધ સોશીયલ મીડિયા ઉપર લોકો એ આ બાબતે પોતાનો આક્રોશ ઠાલવ્યો પરંતુ નિષ્ઠુર તંત્ર ને કોઈ અસર નહીં થતા આખો દિવસ પુરવઠો બંધ રહ્યો



રાજપીપળા : રાજપીપા શહેરાં શનિવારે વીજ કંપની એ મેન્ટેનન્સ માટે આખો દિવસ વીજ પુરવઠો બંધ રાખ્યો હોય ૪૫ ડિગ્રી આકરી ગરમી વચ્ચે લોકો તોબા પોકારી ઉઠ્યા હતા જોકે જાહેરાત મુજબ સવારે લાઈટો બંધ કર્યા બાદ થોડીજ વારમાં ફરી ચાલુ થતા લોકોને એમ લાગ્યું કે કદાચ વીજ કંપની એ વધુ ગરમીના કારણે મેન્ટેનન્સ નો પ્રોગ્રામ રદ કર્યો હશે પરંતુ અમારા પ્રતિનિધિએ વીજ કંપનીના ફરિયાદ સેન્ટર પર ફોન કરતા જાણવા મળ્યું કે એક સાહેબનો કોઈ કામ અર્થે ફોન આવ્યો માટે અડધો કલાક લાઈટ ચાલુ કરી છે જોકે અડધો કલાક માં ફરી લાઈટો બંધ થઈ અને લોકોનો આક્રોશ યથાવત જારી રહ્યો ત્યારબાદ સોસીયલ મીડિયા પર એક બાદ એક વીજ કંપનીના અધિકારીઓ ઉપર અને લાઈટો બંધ રાખવાની પરવાનગી આપનાર અધિકારીઓ પર કોમેન્ટ ચાલુ રહી જેમાં લોકોએ પોતપોતાનો ગુસ્સો ઠાલવ્યો તેમ છતાં આંધળા તંત્રના પેટનું પાણી હાલ્યું નહિ અને આખો દિવસ લાઈટો વગર ૪૫ ડિગ્રી ના તાપમાન માં રાજપીપળા ની પ્રજા પરસેવે રેબઝેબ થઈ નાના બાળકો રડતા રહ્યા બીમાર વૃધો પણ તોબા પોકારી ઉઠ્યા અને ખાસ તો હાલ લગ્ન સીઝન હોય દરજીઓ સહિતના વેપારીઓ ના ધંધા બંધ જેવા રહ્યા હતા ત્યારે આ તમામે વીજ કંપની ઉપર પોતાનો ઉભરો સોસીયલ મીડિયા દ્વારા ઠાલવ્યો હતો.

અંક્લેશ્વર વાલીયા રોડ ઉપરથી શંકાસ્પદ ઘઉંનો જથ્થો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી






ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ નાઓ તરફથી જીલ્લા મા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે સારૂ અસરકારક પગલા લેવા સુચના મળેલ હોય જે અનુસંધાને એલ.સી.બી ના પોલીસ ઈન્સ્પેકટર શ્રી જે.એન.ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી ના પો.સ.ઈ વાય.જી.ગઢવી તેમજ પો.સ.ઈ પી.એસ.બરંડા ના ટીમના પોલીસ માણસો અંક્લેશ્વર વિસ્તારમા પેટ્રોલિંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે અંકલેશ્વર વાલીયા રોડ ઉપરથી એક ટેમ્પો નંબર-જીજે-૫-એવી-૯૦૨૯ મા ભરેલ કુલ ૨૦૦ બોરી ઘઉં ના જથ્થા સાથે ટેમ્પો ડ્રાઇવર અશોકભાઈ હીરાભાઈ વસાવા રહે-દુમાલા માલપોર તા-ઝઘડીયા જી-ભરૂચ નાઓને રોકી લઈ ટેમ્પા મા ભરેલ ઘઉંના જથ્થાના બિલ તથા આધાર પુરાવાની માંગણી કરતા રજુ કરેલ નહી જેથી મળી આવેલ ઘઉં નો જથ્થો શંકાસ્પદ જણાતા મળી આવેલ ૨૦૦ બોરી ઘઉં ની કુલ કી.રૂ.૦૨,૦૦,૦૦૦/- તથા ટેમ્પો તેમજ અન્ય મુદ્દામાલ મળી કુલ કી.રૂ. ૦૫,૦૦,૫૦૦/- નો મુદ્દામાલ કાયદેસર કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે કબ્જે કરવામા આવેલ છે અને વધુ તપાસ હાથ ધરવામા આવેલ છે.

દક્ષિણ ગુજરાત વીજ કંપનીમાં યુનિફોર્મ ખરીદીમાં લાખોનું કૌભાંડ થયાની આશંકા

દક્ષિણ ગુજરાતમાં કર્મચારીઓને આપવામાં આવેલા યુનિફોર્મમાં ઘણી જગ્યાએ રદ્દી કાપડ જોતાજ વિરોધનો સુર જાગ્યો, સુરતની વડી કચેરીમાંથી ખરીદી થતા બીજા મટીરીયલ્સમાં પણ હલકી ગુણવત્તા અને ઉંચી કિંમત ચુકવી ખરીદી થતી હોવાની બૂમ

રાજપીપળા : દક્ષિણ ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓને અપોલા યુનિફોર્મ કૌભાંડ થયું હોવાની બૂમ સાંભળવા છે ત્યારે સૂત્રોના જણાવ્યા મુજબ કેટલાય જિમાં આપેલા યુનિફોર્મમાં શર્ટ નું કાપડ કોવાયેલું જોવા મળ્યુ છે .

સૂત્રોના જણવ્યા મુજબ દક્ષિણ ગુજરાત વીજ કંપનીમાં લગભગ પાંચ હજાર જેવા કર્મચારીઓને હાલાં યુનિફોર્મનું કાપડ આપવામાં આવ્યું છે જેમાં અમુક જિલ્લાના કર્મચારીઓ એ આ કાપડ જોતા શર્ટ કાપડ ખરાબ અને ચીથા ઉડી ાય એવું કોવાયેલું છે જોકે પેન્ટ પીસમાં કોઈ ફરિયાદ નથી પરંતુ શર્ટ પીસ ખરાબ હોવાની બુમો ઘણા જિલ્લામાં



એવું કઈ હશે તો કાપડ રિપ્લેસ કરાશેઃ રાજીવ પુરોહિત (ચીફ એન્જીનીયર, ડીજીવીસીએલ, સુરત)

યુનિફોર્મ ખરીદીમાં શર્ટનું કાપડ ખરાબ હોવા બાબતે સુરત ડીજીવીસીએલ ના ચીફ એન્જીનીયર રાજીવ પુરોહિતને પૂછતાં તેમને જાણવાયું કે કાપડ ખરીદી ટેન્ડર પ્રક્રિયા થી થઈ છે અને જો ક્યાંક કાપડ ખરાબ મળ્યું હશે તો એ રિપ્લેસ કરવીશું પણ હજુ મારી પાસે કોઈ આવી ફરિયાદ આવી નથી આવશે ત્યારે બદલાવી આપીશું .

આવી હોવાનું જાણવા મળ્યું છે ત્યારે આ લાખો રૂપિયાની યૂનિફાર્મની ખરીદીમાં મોટો ભ્રસ્ટાચાર થયો હોવાની વાત સામે આવી હોય વધુમાં એમ પણ જાણવા મળ્યું હતું કે સુરત ખાતે થી ખરીદી થતા કંપનીના અન્ય મટીરીયલ્સ માં પણ અમુક મટિરિયલ્સ હલકી ગુણવત્તા વાળું અને ઊંચી કિંમતે ખરીદી કરાયેલું હોય છે ત્યારે જો આ વાતમાં થોડું પણ સત્ય હોય તો હાલમાંજ અપાયેલા યુનિફોર્મ ની તપાસ કરી અગાઉ ખરીદ થયેલા અન્ય મટિરિયલ્સ માં કોની સંડોવણી છે અને લાખોના માલમાં કેટલાનો ભ્રસ્ટાચાર કરાયો હશે એ બાબતની કડક તપાસ કરાય તો સત્ય હકીકત બહાર આવે એવું સૂત્રો નું માનવું છે.

સુરતના આકાશમાંથી અગન વર્ષા: બપોરે તાપમાન ૪૦ ડિગ્રી

સુરત

હવામાન વિભાગની આગાહી મુજબ શહેર સહિત સમગ્ર રાજ્યમાં રેકોર્ડ બ્રેક ગરમી પડી રહી છે. ઉત્તર મધ્ય ગુજરાતના ૧૦ જિલ્લાઓમાં ગરમીનો પારો ૪૩ થી ૪૪.૪ ડિગ્રીની વચ્ચે નોંધાયો છે. સુરત શહેરમાં પણ ગતરોજ ૪૨.૨ ડિગ્રી નોંધાઈ હતી. આજે બપોરે સાડા બાર વાગે તાપમાન ૪૦ ડિગ્રી વટાવી ગયું છે. સાંજ સુધીમાં રેકોર્ડ બ્રેક ગરમી પડવાની આગાહી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ શહેરમાં આ સિઝનનું સૌથી ઉંચુ ૪૨.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૨૮.૨ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૦ ટકા તેમજ હવાનું દબાણ ૧૦૦૮ મીલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૫ કિલોમીટરની ઝડપે ગરમ પવન ફૂંકાઈ રહ્યો છે.

આજે બપોરે સાડા બાર વાગે ગરમીનો પારો ૪૦ ડિગ્રી વટાવી ગયો હતો. સાંજ સુધી શહેરમાં હવામાન વિભાગની આગાહી મુજબ રેકોર્ડ બ્રેક ગરમી નોંધાય તેવી શક્યતા છે. નવસારીમાં આજે અધિકત્તમ તાપમાન ૪૦ ડિગ્રી નોંધાયું છે. વલસાડમાં પણ ગરમીનો પારો ૩૮ ડિગ્રી સુધી પહોંચી ગયો છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા હવામાન વિભાગની હિટવેવની આગાહીને ધ્યાનમાં આજે ઓરેન્ટ એલર્ટ અને આવતીકાલે રેડ એલર્ટ જાહેર કર્યું છે. પાલિકા દ્વારા જાહેર સ્થળો ઉપર પીવાના પાણી, ઓઆરએસ, આઈસ ક્યુબની વ્યવસ્થા કરી છે. શહેરીજનો ને બપોરના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા તેમજ છાંયડામાં રહીને સામાન્ય કરતા વધુ પ્રમાણમાં પાણીનું સેવન કરવાની સલાહ આપવામાં આવીછે. કાલે પણ શહેરમાં ગરમીનો પારો યથાવત રહેશે. આજે અસહ્ય ગરમીથી શહેરીજનોનું સામાન્ય જનજીવન ખોરવાયું છે. બપોરના સમયે ટ્રાફિકથી ધમધમતા મુખ્ય માર્ગો પર આજે સ્વયંભૂ કર્ફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો. ગરમીથી બચવા શહેરીજનો ઠંડા પીના, આઈસ્ક્રીમ, શેરડીનો રસ પીતા નજરે પડ્યા હતા.

સચીન-સરથાણા ખાતે મોબાઈલ ફોન ચોરોનો આતંક

સુરત

સરથાણા અને પુણા વિસ્તારમાં મોબાઈલ ફોન ચોરોએ આતંક મચાવ્યો હતો. સરથાણા તથા પુણા વિસ્તારમાંથી મો. ફોનની ચોરી કરીઅજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો.

સરથાણા વિસ્તારમાં આવેલા ભવાની કોમ્પલેક્ષમાં પ્રશાંત પાટીલ તથા વ્રજ ભુમિ ટાઉનશિપમાં નરેશભાઈ દોમડીયા અને પુણા આસપાસ દાદાના મંદિર પાસે પ્રવીણ મહાજન રહેછે. ગતરોજ પ્રશાંતભાઈ પાટીલ લસકાણા ખાતેથી પસાર થતા હતા ત્યારે ૨ મોબાઈલ ફોન કિંમત રૂા. ૧૪ હજાર, નરેન્દ્રભાઈ દોમડીયાનો ૬ હજારની કિંમતનો મોબાઈલફોન તથા પુણા વિસ્તાર પરવત પાટિયા પ્રવીણભાઈ મહાજને ૮૪૯૦ની કિંમતનો મો.ફોનની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.

બે યુવકો દ્વારા માસૂમ બાળકો સાથે અડપલા

સુરત

દિપક નામના બે યુવકે દશ વર્ષોથી બાળા સાથે શારીરિક અડપલાં કર્યા હોવાનો બનાવ પુણા પોલીસ સ્ટેશને નોંધાયો હતો.

પુણા વિસ્તારમાં બનેલી આ બનાવની વિગત મુજબ ફરિયાદીના ૧૦ વર્ષની દીકરી ઘર પાસેથી ગલીમાં રમતી હતી. ત્યારે પ્રથમ દિપક નામનો આરોપીએ શારીરિક અડપલા કરી મારવાની ધમકી આપી હતી. ત્યારબાદ બીજા દિવસે બીજો દિપક નામની આરોપીએ શારીરિક અડપલાં કર્યા હતા. પુણા પોલીસે ફરિયાદ નોંધી આ બન્ને દીપક નામના વ્યકિતની શોધખોળ હાથ ધરી છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઇડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઇચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847